# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં શું કરવું?

## એક પુસ્તિકા


તૈયાર કરનાર :

હાઉસિંગ એન્ડ લેન્ડ રાઇટસ્ નેટવર્ક (એચએલઆરએન), દિલ્હી

Housing and Land Rights Network (HLRN), Delhi

અને

જનવિકાસ, અમદાવાદ




**મૂળ થીમ (અંગ્રેજી) :**
શિવાની ચૌધરી, અબ્દુલ શકીલ, સ્પંદના બતુલા

**વર્ષ:**
માર્ચ, ૨૦૧૪

ફક્ત ખાનગી વિતરણ માટે

**માર્ગદર્શન:**
વિજય પરમાર, જનવિકાસ

**અનુવાદ (ગુજરાતી) તથા ગુજરાતના સંદર્ભમાં માહિતી :**
જીતેન્દ્ર રાઠોડ, જનવિકાસ

**ગુજરાતી ટાઈપીંગ :**
બીના ઓગસ્ટીન, ફ્રેન્કલીન ક્રિશ્ચિયન

**તૈયાર કરનાર:**
હાઉસિંગ એન્ડ લેન્ડ રાઇટસ્ નેટવર્ક (એચએલઆરએન)
Housing and Land Rights Network (HLRN), Delhi
જી–૧૮/૧, નિઝામુદ્દીન પશ્ચિમ, ભોંયતળીયુ,
નવી દિલ્હી – ૧૧૦૦૧૩
ફોન નં.: +૯૧–૧૧–૨૪૩૫–૮૪૯૨
ઈ–મેઈલ: info@hic-sarp.org
વેબસાઈટ: www.hic-sarp.org

જનવિકાસ,
સી–૧૦૫, રોયલ ચિન્મય,
નવા આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની સામે,
ઓફ્ જજીસ બંગલો રોડ,
બોડકદેવ, અમદાવાદ, ગુજરાત
ફોન: ૦૭૯ – ૨૬૮૫૭૭૪૫ / ૨૬૮૫૬૬૮૫
વેબસાઈટ: www.janvikas.in

**ડિઝાઈન–પ્રિન્ટ :**
સત્યમ્ પ્રિન્ટ
૩૦૮, રત્ના બિઝનેશ સ્કવેર, જૂની નટરાજ સિનેમા,
આશ્રમ રોડ, અમદાવાદ, ફોન : ૦૭૯ – ૨૬૫૮ ૫૦૧૨

# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં શું કરવું?

એક પુસ્તિકા

તૈયાર કરનાર:

હાઉસિંગ એન્ડ લેન્ડ રાઇટસ્ નેટવર્ક (એચએલઆરએન), દિલ્હી
Housing and Land Rights Network (HLRN), Delhi
અને
જનવિકાસ, અમદાવાદ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પરિચય | ૪ |
| ૨. | યોગ્ય રહેઠાણ માટે માનવ અધિકારનો અર્થ શું છે? | ૮ |
| ૩. | બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી એટલે શું? | ૧૧ |
| ૪. | બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે કયા માનવ અધિકારો અસરગ્રસ્ત થાય છે? | ૧૪ |
| ૫. | બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય કાયદાઓ હેઠળ તમારા કયા અધિકારો છે? | ૧૬ |
| ૬. | બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં ભારતીય કાયદાઓ હેઠળ તમારા કયા અધિકારો છે? | ૧૯ |
| | ૬.૧ ભારતનું બંધારણ | |
| | ૬.૨ રાષ્ટ્રીય નીતિઓ | |
| | ૬.૩ કોર્ટના ચૂકાદાઓ | |
| ૭. | ગુજરાતમાં જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીઓનું PPP (જાહેર ખાનગી ભાગીદારી) દ્વારા તે જ સ્થળે પુનઃસ્થાપન કરવા માટેની નીતિ | ૨૫ |
| ૮. | બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં આંતરરાષ્ટ્રીય સૂચનો અને ધોરણો કયા છે અને જેનું પાલન આવશ્યક છે? | ૩૧ |
| | ૮.૧ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતા પહેલાં | |
| | ૮.૨ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યા બાદ | |
| | ૮.૩ બાળકોના અધિકારોના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રના નિર્દેશો | |
| | ૮.૪ મહિલાઓના અધિકારોના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રના દિશા-નિર્દેશો | |
| ૯. | બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં તમારી પાસે કયા ઉકેલ ઉપલબ્ધ છે? | ૩૭ |
| | ૯.૧ યોગ્ય અને ઝડપી વળતર | |
| | ૯.૨ વળતર અને રીટેન્શન | |
| | ૯.૩ પુર્નવાસ અને પુનઃસ્થાપન | |

# અનુક્રમણિકા


૧૦. બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાને રોકવા/ વિરોધ અથવા ન્યાય મેળવવા માટે લઈ શકાય તેવા પગલાંઓ ૪૦

૧૦.૧ વિનંતી/ જાહેર હિતની અરજી

૧૦.૨ માનવ અધિકારોના ઉલ્લંઘન અને બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યાના દસ્તાવેજો

૧૦.૩ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા અને પુનર્વાસને સંબંધિત માહિતી અધિકારના કાયદા હેઠળ અરજી દાખલ કરવી

૧૦.૪ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની અસરનો અંદાજ

૧૦.૫ સત્ય શોધ અભિયાન

૧૦.૬ સંસદસભ્યો અને ધારાસભ્યો ઉપર દબાવ લાવવો

૧૦.૭ સવિનય અસહકારના કાર્યક્રમો યોજવા

૧૦.૮ પત્રલેખન અને પોસ્ટકાર્ડ અભિયાન

૧૧. બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે માનવ અધિકારોના ઉલ્લંઘન થતાં તમે કોનો સંપર્ક કરી શકો? ૪૭

૧૧.૧ યોગ્ય જવાબદાર સરકારી અધિકારીઓ

૧૧.૨ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ

૧૧.૩ મીડિયા

૧૧.૪ યોગ્ય રહેઠાણ પર સંયુકત રાષ્ટ્ર સંઘના ખાસ ખબરપત્રી

૧૨. તારણ ૫૧

૧



# પરિચય

"સંયુક્ત રાષ્ટ્રની વસ્તી ગણતરીના રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૧ના મધ્ય સુધી ભારતની શહેરી ઝૂંપડપટ્ટીઓની વસ્તી ૧૫.૮ કરોડ ગણવામાં આવી છે. મહાનગરોમાં અડધી વસ્તી ઝૂંપડપટ્ટીઓ અને કામચલાઉ ઘરોમાં રહે છે."

પાછળનો દશકો દુનિયાભરમાં બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં વધારો થયો તેનો સાક્ષી છે. આની પાછળ ઘણાં બધા કારણો છે. જેમાં ગ્રામ્ય અને શહેરી બંને ક્ષેત્રોમાં મોટા મૂળભૂત બાંધકામો અને વિકાસની મોટી યોજનાઓનો સમાવેશ છે. જેનો ડેમો, ખાણ અને બંદરોનું નિર્માણ, શહેરોનું નવનિર્માણ અને વિસ્તાર, શહેરની સુંદરતા, રમત અને મોટી યોજનાઓ તથા ઔદ્યોગિક વિકાસથી સીધો સંબંધ છે. આ તમામ મોટી યોજનાઓને લાગુ કરવા માટે ખેતીની જમીનનું સંપાદન થઈ રહયું છે. સ્થાવર સંપતિની ખરીદ-વેચાણ થઈ રહી છે. ખાનગીકરણને પ્રોત્સાહિત કરવામાં આવે છે અને પર્યાવરણની સુરક્ષાની યોજના સંચાલિત કરવામાં આવે છે. પરિણામે, આમ આદમી અને વિવિધ સમુદાયોને પોતાના ઘરો અને વસવાટોમાંથી બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં આવે છે. યોગ્ય પુન:સ્થાપનના અભાવને પરિણામે લોકોની સામે રહેઠાણનું સંકટ વધી ગયું છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં ખૂબ જ સ્થળાંતર વધી ગયું છે અને પરિણામે તેમની પરંપરાગત આજીવિકાને નુકશાન પહોંચ્યું છે.

આર્થિક રીતે કમજોર સમુદાયો અને ઓછી આવકવાળા સમુદાયો માટે ઓછાં ખર્ચ અને સસ્તા રહેઠાણની સરકારી યોજનાઓના અભાવને પરિણામે દશમી પંચવર્ષીય યોજનાના અંતમાં રાષ્ટ્રીય શહેરી રહેઠાણ અંતર્ગત ૨.૪૭ કરોડ[૧] નિવાસી એકમોની ઊણપ હતી, જયારે અગીયારમી પંચવર્ષીય યોજનાના સમયગાળામાં (૨૦૦૭-૨૦૧૨) ૨.૭ કરોડ નિવાસી એકમોના ઊણપનું અનુમાન છે. જેમાં ૯૯ ટકા આર્થિક રીતે કમજોર વર્ગો અને ઓછી આવક ધરાવતાં સમુહો સાથે સંબંધિત છે. પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨) માટે કુલ ૪.૭ કરોડ ગ્રામ્ય આવાસોની ઊણપનો અંદાજ છે જેમાં ૯૦ ટકા સંખ્યા ગરીબી રેખા નીચે રહેતાં કુટુંબોની[૨] બતાવી છે.

---

૧. શહેરી આવાસ ઉપર અગિયારમી પંચવર્ષીય યોજના (કાર્યકારી જૂથ)નો અહેવાલ, આવાસ અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય, ભારત સરકાર

૨. ગ્રામીણ આવાસ ઉપર અગિયારમી પંચવર્ષીય યોજના (કાર્યકારી જૂથ)નો અહેવાલ, ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર

**સંયુક્ત રાષ્ટ્રની વસ્તી ગણતરીના રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૧ના મધ્ય સુધી ભારતની શહેરી ઝૂંપડપટ્ટીઓની વસ્તી ૧૫.૮ કરોડ[3] ગણવામાં આવી છે. મહાનગરોમાં અડધી વસ્તી ઝૂંપડપટ્ટીઓ અને કામચલાઉ ઘરોમાં રહે છે.**

આ રિપોર્ટ દેશમાં આવાસોની નાજુક સ્થિતિ દર્શાવે છે. દેશની મોટાભાગની વસ્તી દયનીય અને અપૂરતી સ્થિતિમાં ઓછી સુવિધાવાળા આવાસો અને ઝંપડપટ્ટીમાં રહેવા માટે મજબૂર છે. નાગરિક સંસ્થાઓ અને સરકાર બંનેના અનુમાન પ્રમાણે મુંબઈ મહાનગરમાં લગભગ ૬૦ ટકા તથા દિલ્હીમાં લગભગ ૫૦ ટકા વસ્તી ઝૂંપડપટ્ટી અને ઓછી સુવિધાવાળા આવાસોમાં રહે છે, જો આ આંકડાઓને પણ સમાવિષ્ટ કરવામાં આવે તો સંખ્યા વધી જાય. આ સ્થિતિ દર્શાવે છે કે દેશની શહેરી વસ્તીના એક મોટા ભાગ પાસે યોગ્ય આવાસ અને મૂળભૂત સુવિધાઓની ખૂબ જ ઊણપ છે. અથવા આ સુવિધાઓ સુધી તેમની પહોંચ નથી.

ઝૂંપડપટ્ટીઓની જમીનના ઉપયોગની અનિશ્ચિતતાના કારણે અને બીજી તરફ ઝૂંપડપટ્ટીઓથી મુક્ત વિશ્વ-સ્તરના શહેરોની રચના માટે લગાતાર દેખાડવામાં આવતા વિકાસના નમૂનાના પરિણામે હંમેશા જે લોકો, જે ઝૂંપડપટ્ટી અને કામચલાઉ જમીન પર રહે છે તેમના મનમાં બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાનો અને પોતાના ઘરો દૂર થવાનો સતત ભય રહે છે.

સસ્તા આવાસોની ઊણપ, મૂળભૂત સુવિધાઓની ઊણપ અને જમીન ઉપયોગની સમય મર્યાદા પર કાનૂની સુરક્ષાની ઊણપ આ ભારતના સંદર્ભમાં નાજુક મુદ્દો છે. રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુનર્વાસ નીતિ, ૨૦૦૭માં પણ એ સ્વીકારવામાં આવ્યું છે કે **"ઝૂંપડપટ્ટીઓમાં આવાસોના બાંધકામનું સ્તર ખૂબ જ દયનીય છે. જમીન ઉપયોગ સમયની કાનૂની અસુરક્ષા આનું એક મહત્વપૂર્ણ કારણ છે."**[4]

---

૩. આવાસ અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય, ગંદી વસ્તી આંકડા / વસ્તી ગણતરી ઉપર સમિતીનો અહેવાલ, રાષ્ટ્રીય નિર્માણ સંગઠન, ૨૦૧૦

૪. રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુનર્વસન નીતિ, ૨૦૦૭, ફકરો ૧.૧૫

# શહેરી અધિકાર

'શહેરી અધિકાર' માટે આંદોલન  શહેરોમાં રહેતા તમામ લોકો અને ખાસ કરીને ખૂબ જ ઉપેક્ષિત અને વંચિત વર્ગો માટે સારી પહોંચ અને અવસર સુનિશ્ચિત કરવા માટે સામાજિક સમુહો અને નાગરિક સંસ્થાઓ જેવા સંગઠનોના રચનાત્મક પ્રયાસોના પરિણામ સ્વરૂપે આગળ વધ્યું છે. દુનિયાભરમાં થયેલાં સામાજિક આંદોલન અને સંગઠનોએ શહેરી અધિકારો પર એક વૈશ્વિક દસ્તાવેજ વિકસીત કરવા માટે સામૂહિક રૂપથી કામ કર્યું, જેને યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ, સાંઈટિફીક અને કલ્ચરલ ઓર્ગેનાઈજેશને (UNESCO) અને અન્ય સંસ્થાઓની સાથે યુ.એન. (સંયુક્ત રાષ્ટ્ર) નું પણ સમર્થન મળ્યું. દસ્તાવેજમાં જીવન જીવવાના આધારભૂત સિદ્ધાંતો, લોકશાહી, સમાનતા અને સામાજિક ન્યાયની વચ્ચે શહેરોનો સમાન ઉપયોગાધારને 'શહેરી અધિકાર'ના રૂપમાં નિર્ધારીત કરવામાં આવ્યું. આ શહેરોમાં લોકો અને ખાસ કરીને શહેરોના અસહાય અને ઉપેક્ષિત સમૂહોનો અને સામૂહિક અધિકાર છે. જે તેમને એવા કાર્ય અને સંગઠનની માન્યતા પ્રદાન કરે છે કે તેમના પ્રચલિત રીત રિવાજોની સાથે સ્વતંત્ર દઢ સ્વયં નિર્ણય સંબંધી અધિકારોના પૂર્ણ ઉપયોગ અને એક યથા યોગ્ય રહેઠાણ સ્તર મેળવવાના ઉદ્દેશ પર આધારિત છે.

આ પ્રમાણે 'શહેરી અધિકાર' શહેરના તમામ રહેવાસીઓ શહેર દ્વારા ચૂકવેલ તમામ અવસરો/લાભોમાં સમાન ભાગીદારીના અધિકારની સાથે સાથે શહેરી યોજનાઓ તેમજ વિકાસ માળખામાં સમાનરુપથી ભાગીદારીનો અધિકાર છે.

'શહેરી અધિકાર'નું આ વૈશ્વિક આંદોલન વિવિધ શહેરો અને નગરોના પ્રમુખો સુધી પણ પહોંચે તેથી તેઓ તેમના નગરોમાં માનવ અધિકારોનો વધારો કરવા માટે, વૈશ્વિક દસ્તાવેજનો સ્વીકાર કરે. ભારત સરકારને પણ શહેરી અધિકારને માન્યતા અને પ્રોત્સાહન આપવાની દિશામાં કાર્ય કરવું જોઈએ અને પોતાના સિદ્ધાંતોને પણ સ્થાનિક નગરોની વિકાસ યોજનાઓમાં સમાવેશ કરવો જોઈએ.

# ૨



# યોગ્ય રહેઠાણ માટે
# માનવ અધિકારનો અર્થ શું છે?

વિશ્વની સૌથી વધુ વસ્તી અલગ-અલગ આકાર-પ્રકારના ઘરોમાં વસવાટ કરે છે. વિશ્વની વસ્તીની લગભગ અડધી વસ્તીને યોગ્ય રહેઠાણ માટે નિર્ધારીત ધોરણો અનુસાર આવાસીય સુવિધાનો લાભ નથી મળી રહ્યો. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનુન તથા તેની ઘોષણામાં સરસ રીતે ખાતરી કરવામાં આવી છે કે આવાસ માત્ર એક છત અને ચાર દિવાલોના માળખા પર નથી. પરંતુ આ એક વિશાળ પરિભાષા છે. જેમાં અનેક તત્વો અને અન્ય ચીજોનો પૂર્ણ સમાવેશ થાય છે, જે એક સુરક્ષિત અને પાકા રહેઠાણ માટે આવશ્યક છે તેના સિવાય રહેઠાણ માત્ર સ્વૈચ્છિક લક્ષ નથી, પરંતુ તે તમામ મનુષ્યોનો મૂળભૂત અધિકાર છે. વર્ષ ૧૯૪૮માં માનવ અધિકારોના વૈશ્વિક ઘોષણા પત્ર દ્વારા એ ખાતરી કરવામાં આવી છે કે યોગ્ય રહેઠાણના અધિકારને જીવન જીવવા માટે યોગ્ય સ્તરના અભિન્ન અંગના રૂપમાં માન્યતા આપે છે.

માનવ અધિકારો પર વૈશ્વિક ઘોષણા પત્ર (યુડીએચઆર) નો ફકરો ૨૫.૧ કહે છે કે –

**"દરેક વ્યકિતને ગુણવત્તાયુકત જીવવાનો અધિકાર છે. જેમાં ભોજન, કપડાં, રહેઠાણ, આરોગ્યની દેખરેખ તથા જરૂરી સામાજિક સેવાઓનો સમાવેશ થાય છે. તેની સાથે જ બેરોજગારી, અપંગતા, વિધવા હોવા પર, વૃદ્ધાવસ્થામાં અથવા રોજગારીની એવી પરિસ્થિતિ ઉભી થવા પર જે વ્યકિતના નિયંત્રણની બહાર છે, એવી તમામ સ્થિતિઓમાં પણ તેને સુરક્ષા અધિકાર મળે છે."**

માનવ અધિકારોના વૈશ્વિક ઘોષણાપત્રમાં સમાવિષ્ટ જોગવાઈઓના આધાર પર યોગ્ય રહેઠાણના અધિકારને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સંધિ ૧૯૬૬ દ્વારા વધારે સ્પષ્ટ, સુદૃઢ અને વિસ્તાર કરવામાં આવ્યો છે. આ યોગ્ય રહેઠાણ અધિકારને ફકરો ૧૧.૧ નીચે પ્રમાણે વ્યકત કરે છે:

**"વર્તમાન ઠરાવથી સંભંવિત તમામ રાજય પક્ષો તમામ વ્યકિતઓને જીવવા માટે યોગ્ય સ્તરનો અધિકાર પ્રદાન કરે છે, સ્વયં પોતાના માટે તથા તેમના પરિવારના તમામ માટે આ અધિકારમાં ભોજન, કપડા તથા આવાસ તેમજ જીવન જીવવાની સ્થિતિમાં સતત સુધારાનો સમાવેશ છે."**

યોગ્ય રહેઠાણ પર સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) ના વિશેષ ખબરપત્રીએ યોગ્ય રહેઠાણના માનવ અધિકારને વ્યાખ્યાયીત કરીને લખેલું છે કે,

**"પ્રત્યેક મહિલા, પુરુષ, યુવા તથા બાળકોને એક સુરક્ષિત ઘર પ્રાપ્ત કરવા તથા તેને જાળવી રાખવાનો અધિકાર મળ્યો છે, તેથી તેઓ પોતાના સમુદાયમાં શાંતિ અને સમાનતાની સાથે જીવન જીવી શકે."**[૧]

યોગ્ય આવાસનો માનવ અધિકાર સમ્માન સાથે જીવવાની અનુભૂતિ સાથે જોડાયેલો છે. તથા અન્ય તમામ માનવ અધિકારો જેવાં કે ભોજનનો અધિકાર, રોજગારીનો અધિકાર, આરોગ્ય, પાણી, જમીન અધિકાર તથા ઘર તેમજ પરિવારના સભ્યોની સુરક્ષાના અધિકાર સાથે સીધી રીતે જોડાયેલ છે.

૧. યોગ્ય આવાસ ઉપર ખાસ ખબરપત્રીનો અહેવાલ, મિલુન કોઠારી, ઈ/સીએન.૪/૨૦૦૬/૪૧. ૨૧ માર્ચ ૨૦૦૬

# ૩



# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી એટલે શું?

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર સંયુક્ત રાષ્ટ્રની સમિતીએ બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાને નીચે મુજબ દર્શાવે છે:

**"વ્યક્તિઓ, કુટુંબો અને સમુદાયોને તેમના ઘરો તથા જમીનથી, જેમાં તેમની ઝૂંપડપટ્ટીઓ છે, તેમની ઈચ્છાની વિરુદ્ધ કાનૂની તથા અન્ય સુરક્ષાના યોગ્ય વ્યવસ્થા વિના તથા યોગ્ય જોગવાઈઓ વગર કાયમી અથવા હંગામી રીતે હટાવવા."[૧]**

વિકાસ આધારિત ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી તથા વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળભૂત સિદ્ધાંતો અને નિર્દેશ (૨૦૦૭)[૨] બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાને નીચે મુજબ નિર્ધારીત કરે છે:

**"એવી કાર્યવાહીઓ અથવા ભૂલો જેમાં વ્યક્તિઓ, સમૂહો તથા સમુદાયોને તેમના ઘરો, અને/અથવા જમીન તથા સામાન્ય સંપત્તિ/સંસાધનો, જેમાં તેઓ કબજેદાર હતા અથવા જેના પર તેમની પરાધિનતા હતી, ત્યાંથી બળજબરીપૂર્વક અથવા અનિશ્ચિત રીતે બળજબરીપૂર્વક વિસ્થાપનનો સમાવેશ છે. આવી રીતની કાર્યવાહીઓ કોઈ વ્યક્તિ, સમુહ અથવા સમુદાયની કાર્યક્ષમતાને ઓછી કરે છે જ્યારે તેમને અન્ય વિશેષ પ્રકારના આવાસ અથવા વાતાવરણમાં કોઈ કાનૂની જોગવાઈઓ અને રક્ષણ વિના રહેવા માટે મજબુર કરવામાં આવે છે."**

તદ્‌ઉપરાંત, દિલ્હી હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં એક ચૂકાદામાં એ વાતનો સ્વીકાર કરીને નીચે મુજબની ટીપ્પણી કરી છે –

**"બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના પરિણામે માનવ અધિકારોનું ઉલ્લંઘન થાય છે અને સતત ચાલુ છે."**

---

૧. સામાન્ય ટિપ્પણી ૭, યોગ્ય આવાસીય અધિકાર (કરારનો ફકરો ૧૧.૧) બળજબરીપૂર્વક કબજો ખાલી કરવો, આર્થિક, સામાજીક તથા સાંસ્કૃતિક અધિકારોની સંયુક્ત રાષ્ટ્રની સમિતિ, ૧૯૯૭

૨. યોગ્ય આવાસ ઉપર સંયુક્ત રાષ્ટ્ર સંઘના ખાસ ખબરપત્રી દ્વારા પ્રસ્તુત અહેવાલ, એ/એચઆરસી/૪/૧૮ ફેબ્રુઆરી ૨૦૦૭
http://www2.ohchr.org/english/issues/housing/docs/guidelines_en.pdf
http://www.ohchr.org/EN/Issues/Housing/Pages/ForcedEvictions.aspx અને
www.hic-sarp.org

"ઝૂંપડપટ્ટીઓ તથા ઝૂંપડપટ્ટીઓમાં રહેનારા સાથે સંબંધિત બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના પૂર્વમાં કોર્ટ દ્વારા લેવામાં આવેલાં નિર્ણયોના અનુભવ અને ઉદાહરણ શહેરમાં ખૂબ જ છે. અસહાય અને પરેશાન નાગરિકોને બળજબરીપૂર્વક તેમના ઘરોમાંથી બરબાદ કરી દીધાં અને તેની પર રાજયની લાંબી કાનૂની વ્યાખ્યાઓની ખૂબ ટેકનિકલ વ્યાખ્યા કરે છે, બંધારણની જોગવાઈઓ અને સુધારાઓનો સહારો લે છે. જેમાં ગેરકાયદે ઝૂંપડપટ્ટીઓ/ અસરગ્રસ્તોને દૂર કરવાની કાર્યવાહીઓને કાનૂની રીતે યોગ્ય ઠરાવવામાં આવે છે. જયારે શહેરમાં કેટલાં ગેરકાયદે બાંધકામો તથા નિયમ વિરુદ્ધના કબજાવાળા લોકોને નિયમિત અને સુરક્ષિત કરી દેવામાં આવે છે.[૧]"




---

૧. પી.કે.કોલ વિરૂદ્ધ ઈસ્ટેટ ઓફીસર અને અન્ય રિટ પિટીશન (સી) નં.૧૫૨૩૯/૨૦૦૪ અને સીએમ નં. ૧૧૦૧૧/૨૦૦૪, દિલ્હી હાઈકોર્ટ, ૩૦ નવેમ્બર, ૨૦૧૦

# ૪



# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે કયા માનવ અધિકારો અસરગ્રસ્ત થાય છે?

બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં માત્ર યોગ્ય આવાસના માનવ અધિકારનું ઉલ્લંઘન થતું નથી, પરંતુ તેમાં ખૂબ જ અન્ય આંતરરાષ્ટ્રીય સ્વીકૃત માનવ અધિકારોનું પણ ઉલ્લંઘન થાય છે. જેમાં નીચે મુજબના માનવ અધિકારો સામેલ છે:

- વ્યકિતની સુરક્ષા તથા ઘરની સુરક્ષાનો માનવ અધિકાર
- આરોગ્યનો માનવ અધિકાર
- ખોરાકનો માનવ અધિકાર
- પાણીનો માનવ અધિકાર
- કામ-ધંધો/ રોજગારીનો અધિકાર
- શિક્ષણનો અધિકાર
- ક્રુરતા, અમાનવતા તથા અપમાનથી મુકિતનો માનવ અધિકાર
- માહિતીનો માનવ અધિકાર
- સ્વ-અભિવ્યક્તિ તથા સહભાગીતાનો માનવ અધિકાર
- પુનર્વાસનો માનવ અધિકાર

સંયુક્ત રાષ્ટ્ર માનવઅધિકાર આયોગ ઠરાવ, ૧૯૯૩/૭૭માં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી એ યોગ્ય આવાસના અધિકારનું પ્રથમ દૃષ્ટિએ ઉલ્લંઘન છે.

# ૫



# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય કાયદાઓ હેઠળ તમારા કયા અધિકારો છે?

**સં**યુક્ત રાષ્ટ્ર સાથે સંબંધિત આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોની અનેક સંધિઓ પર ભારત સરકારે પોતાની સહમતી આપી છે. એટલે એ કાનૂન ભારતમાં અસરકારક છે તથા તેને અમલી કરવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર બંધાયેલી છે.

**યોગ્ય આવાસ માટે માનવ અધિકાર સાથે સંબંધિત વિશેષ જોગવાઈઓ નીચે મુજબ છે:**

- **આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય ઠરાવ (૧૯૯૬)[૧] – ફકરો ૧૧.૧**
- **નાગરિક અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય ઠરાવ પત્ર (૧૯૬૬)[૨] – ફકરો ૨.૩ અને ૧૭**
- **તમામ પ્રકારના વંશીય ભેદભાવના નિવારણ પર આંતરરાષ્ટ્રીય સંમેલન (૧૯૬૫)[૩] – ફકરો ૫**
- **બાળ અધિકાર પર સંમેલન (૧૯૮૯)[૪] – ફકરો ૨૭**
- **તમામ પ્રવાસી મજૂર અને તેમના પરિવારના સભ્યોના અધિકારોના રક્ષણ પર આંતરરાષ્ટ્રીય સંમેલન (૧૯૯૦)[૫] ફકરો ૪૩.૧**

---

૧. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો ઉપર આંતરરાષ્ટ્રીય ઠરાવ, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૧૬ ડિસેમ્બર ૧૯૬૬
વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/cescr.htm

૨. નાગરિક અને રાજનૈતિક અધિકારો ઉપર આંતરરાષ્ટ્રીય ઠરાવ, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૧૬ ડિસેમ્બર ૧૯૬૬
વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/ccprr.htm

૩. તમામ પ્રકારના વંશીય ભેદભાવોની નાબુદી ઉપર આંતરરાષ્ટ્રીય સંમેલન, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૨૧ ડિસેમ્બર ૧૯૬૫
વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/cerd.htm

૪. બાળ અધિકારો ઉપર સંમેલન, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૨૦ નવેમ્બર ૧૯૮૯
વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/crc.htm

૫. તમામ પ્રવાસી મજૂરો અને તેમના પરિવારના સભ્યોના અધિકારોના રક્ષણ પર આંતર રાષ્ટ્રીય સંમેલન, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૧૮ ડિસેમ્બર ૧૯૯૦
વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/cmw.htm

- શરણાર્થિઓની સામાજિક સ્થિતિ સંબંધિત સંમેલન (૧૯૫૧)[૬] – ફકરો ૨૧
- વિકલાંગ લોકોના અધિકારો પર સંમેલન (૨૦૦૭)[૭] – ફકરો ૨૮

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર પર આંતરરાષ્ટ્રીય ઠરાવ પત્ર ૧૯૯૬ નિર્ધારીત કરે છે કે (ફકરો ૧૧.૧) –

**“ આ નિર્ણય લેવા વાળા તમામ રાજ્ય સત્તાઓ પ્રત્યેક વ્યકિતને પોતાના માટે તેમજ તેમના પરિવાર માટે જીવનના એક યોગ્ય સ્તરના અધિકારની માન્યતા આપે છે, જેમાં યોગ્ય ખોરાક, કપડા તેમજ ઘર તથા જીવનની સ્થિતિમાં હંમેશા સુધારાનો સમાવેશ થાય છે. રાજ્ય સત્તાઓ આ અધિકારોના અનુભવને ખાતરી કરવા માટે તથા તેના પ્રભાવને નિઃશુલ્ક સહમતિ પર આધારિત આંતરરાષ્ટ્રીય સહયોગમાં આવશ્યક મહત્વ અપાવવા માટે આવશ્યક પગલાં ઉઠાવશે. ”**

---

૬. શરણાર્થિઓના જીવન સ્તરના સંબંધમાં સંમેલન, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૨૨ એપ્રિલ ૧૯૫૪ વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/refugees.htm

૭. અપંગ / અસહાય લોકોના અધિકારો પર સંમેલન, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, ૩ મે ૨૦૦૮ વેબસાઈટ: http://www2.ohchr.org/english/law/disabilities.convention.htm

૬



# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં ભારતીય કાયદાઓ હેઠળ તમારા કયા અધિકારો છે?

## ૬.૧ ભારતનું બંધારણ

ભારતનું બંધારણ સ્વતંત્રતા, બંધુતા, સમાનતા તથા ન્યાયના સિદ્ધાંતો પર મજબુતીથી સ્થપાયેલું છે, જયારે આવાસના અધિકારને મૂળભૂત અધિકારના સ્વરૂપમાં સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. આ અધિકાર બંધારણમાં મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતોની વચ્ચે જટીલ બની ગયો છે. ભારતના બંધારણમાં બક્ષેલ મૂળભૂત અધિકારો, જે યોગ્ય આવાસના માનવ અધિકારના રક્ષણ અને સંપૂર્ણ સુરક્ષાથી જોડાયેલ છે તેમાં નીચેના અધિકારનો સમાવેશ છે:

૧) **ફકરો ૧૯ (૧) (ઈ) –** દરેક નાગરિકને ભારતના રાજય ક્ષેત્રમાં કોઈપણ ભાગમાં આવાસ બનાવવાનો અને રહેવાનો અધિકાર.

૨) **ફકરો ૧૯ (૧) (ડી) –** દરેક ભારતીય નાગરિકને સંપૂર્ણ ભારતમાં કોઈપણ જગ્યાએ ડરમુકત ફરવાનો અધિકાર

૩) **ફકરો ૨૧ –** કાયદા દ્વારા સ્થાપિત પદ્ધતિ અનુસાર જીવનની રક્ષા અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર

૪) **ફકરો ૧૯ (૧) (જી) –** દરેક નાગરિકને કોઈપણ કામ કરવાનો અથવા જીવન ગુજારવા માટે કોઈપણ કાર્ય, વેપાર અથવા વ્યવસાય કરવાનો અધિકાર

૫) **ફકરો ૧૪ –** ભારતીય રાજય ક્ષેત્રની અંદર દરેક નાગરિકને કાયદા દ્વારા એક સમાન વહેવાર અથવા કાનૂની રક્ષણનો અધિકાર

૬) **ફકરો ૧૫ (૧) –** દરેક નાગરિકને જાતિ, ધર્મ, જ્ઞાતિ, વર્ણ અથવા જન્મના સ્થળના આધાર પર ભેદભાવની વિરુદ્ધ રક્ષણનો અધિકાર

૭) **ફકરો ૧૬ –** દરેક નાગરિકને જાહેર નોકરીના કિસ્સામાં સમાન તકનો અધિકાર

બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો પ્રદાન કરે છે તેની મુજબ ભારતીય રાજય પોતાની નીતિઓનું નિર્માણ કરે છે તે આ મુજબ છે:

૧) **ફકરો ૩૯ (૧) –** પુરુષો અને મહિલાઓ બંને માટે જીવન જીવવા માટે યોગ્ય સાધનો પર એક સમાન અધિકાર સુરક્ષિત કરવા માટે રાજયને નિર્દેશીત કરે છે.

૨) **ફકરો ૪૨ –** રાજય દ્વારા કામની ન્યાય પ્રમાણે તથા માનવીય સ્થિતિઓ સુરક્ષિત કરવા તથા માતાની રાહત માટે યોગ્ય જોગવાઈ કરવી.

૩) **ફકરો ૪૭ –** પોષણનું સ્તર અને જીવનનું સ્તર ઉંચું લાવવા તથા લોકોના આરોગ્યમાં સુધારો લાવવો રાજયનું કર્તવ્ય છે.

## ૬.૨ રાષ્ટ્રીય નીતિઓ

અનેક રાષ્ટ્રીય નીતિઓ પણ સરકાર દ્વારા ઉન્નત ઘર અને આવાસ ઉપલબ્ધ કરાવવા તેને આવશ્યક માને છે.

### (અ) રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુનર્વાસ નીતિ, ૨૦૦૭

ભારતની રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુનર્વાસ નીતિ, ૨૦૦૭ની મુખ્ય બાબતો આ પ્રમાણે છે:

> "સમાજના ઉપેક્ષિત વર્ગો જેવાં કે અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત જનજાતિઓ, પછાત વર્ગો, લઘુમતિ તથા શહેરી ગરીબોને વિશેષ મહત્વ આપી તમામ માટે સસ્તા આવાસની જોગવાઈઓ[૧]. આ નીતિ સસ્તા દરે જમીન, આવાસ તથા સેવાઓ પૂરી પાડવાનું સુનિશ્ચિત કરે છે. એ શહેરી ગરીબ લોકોને તેમના નિવાસ સ્થળ અથવા કાર્ય સ્થળની આસપાસમાં આવાસ પૂરા પાડવાની પ્રાથમિકતા આપે છે. તથા પુનઃસ્થાપન સ્થળ સુધી આસાનીથી પહોંચનો પણ સ્વીકાર કરે છે. મહિલાઓના મામલામાં નિર્ણય લેવા માટે તમામ સ્તરો પર તેમને સમાવિષ્ટ કરવા માટે, આવાસીય નીતિઓ અને કાર્યયોજનાઓ પ્રતિપ્રાદિત તથા કામ ચાલુ કરવા તેમની સહભાગિતા સુનિશ્ચિત કરવાની જોગવાઈ કરે છે. આ નીતિ મૂળભૂત સુવિધાઓથી સજ્જ આવાસીય મામલામાં મહિલા સંચાલિત ઘરો, એકાંકી મહિલાઓ, કામ કરતી મહિલાઓ, કઠિન આવાસીય સ્થિતિમાં રહેતી મહિલાઓની વિશેષ જરૂરિયાત પર ભાર આપે છે."[૨]

### (ખ) રાષ્ટ્રીય પુનર્વાસ અને પુનઃસ્થાપન નીતિ, ૨૦૦૭

આ નીતિ જમીનના માલિક તથા અન્ય જેવાં કે ભાડુઆત, જમીનવિહોણા, કૃષિ અને બિનકૃષિ મજુરો, કારીગર તથા અન્ય એવા લોકોના હિતોનું સંરક્ષણ કરે છે જેમની રોજગારી એ જમીન પર નિર્ભર છે જે જમીન વિકાસના કામો માટે સરકાર દ્વારા

---

૧. રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુનર્વાસ નીતિ, ૨૦૦૭, શહેરી નિર્ધનોને વિશેષ મહત્ત્વની સાથે તમામ માટે સસ્તા આવાસનો લક્ષ્ય નિર્ધારિત પ્રેસ સૂચના બ્યુરો, ભારત સરકાર, ૧૧ ઓક્ટોબર ૨૦૦૭ ઉપલબ્ધ
વેબસાઈટ: http://pib.nic.in/newsite/erelease.aspx?relid=33884

૨. રાષ્ટ્રીય શહેરી આવાસ અને પુર્નવાસ નીતિ, ૨૦૦૭ આવાસ અને શહેરી ગરીબી નાબુદી મંત્રાલય, ભારત સરકાર
વેબસાઈટ: http://mhupa.gov.in/policies/duepa/HousingPolicy2007.pdf

સંપાદિત કરી લીધી છે.[3] અસરગ્રસ્ત પરિવારોને લાભ અપાવવા માટે તેમને ભૂમિને બદલે ભૂમિ, અસરગ્રસ્ત પરિવારના ઓછામાં ઓછા એક સભ્યને રોજગારી, સુધાર માટે તાલીમ અને કૌશલ્ય વર્ધન. અસરગ્રસ્ત કુટુંબોની યોગ્ય વ્યકિતઓને શિક્ષા માટે છાત્રવૃતિ, આવાસીય સુવિધાઓ જેમાં અસરગ્રસ્ત જમીનવિહોણા કુટુંબોને ઘર આપવાનું પણ સામેલ છે.[4]

## (ગ) રાષ્ટ્રીય ઝૂંપડપટ્ટી  વિસ્તાર નિતીનો દસ્તાવેજ, ૨૦૦૧

ભારતમાં હજી સુધી કોઈ અધિકારવાળો ઝૂંપડપટ્ટી  વિસ્તાર નથી, માત્ર એક રૂપરેખા અસ્તિત્વમાં છે, જેમાં પુનર્વાસ સાથે સંબંધિત કોઈક જોગવાઈઓ સમાયેલ છે. રાષ્ટ્રીય ઝૂંપડપટ્ટી  વિસ્તાર રૂપરેખામાં સમાવિષ્ટ અમુક જોગવાઈઓ નીચે મુજબ છે:

- રાજય/શહેરી સ્થાનિક સંસ્થાઓએ લોકોને દૂર કરતાં પહેલા તેમની વૈકલ્પિક વ્યવસ્થા તપાસવી જોઈએ.
- રોજગારી ઓછી પ્રભાવિત થાય, તેના માટે પુન:સ્થાપન માટે નક્કી કરેલ સ્થળનું અંતર ઓછું હોવું જોઈએ.
- ખાસ ક્ષેત્રના રહેવાસીઓને વૈકલ્પિક સ્થળો અને જયાં અનુકુળ હોય ત્યાં સુવાની જગ્યાનો અધિકાર તથા વૈકલ્પિક પુનર્વાસ રકમ આપવાની જોગવાઈ હોવી જોઈએ.
- દરેક પુનર્વાસ સ્થળો માટે જરૂરી સુવિધાઓ સંપૂર્ણ રીતે વ્યવસ્થિત હોય તથા વસવાટ પહેલા વાહનવ્યહારની વ્યવસ્થા હોવી જોઈએ.
- અસરગ્રસ્ત લોકોને રોજગારીની અછતની પૂર્તતા ચોક્કસ સમયગાળામાં પૂરી કરવી જોઈએ.
- કોઈપણ પુનર્વાસ પ્રક્રિયા માટે યોજના બનાવવા તેમજ નિર્ણય કરવામાં પ્રાથમિક દાવેદારો ખાસ કરીને મહિલાઓની ભૂમિકા આવશ્યક હોવી જોઈએ.
- કોઈપણ શહેરી વિકાસ યોજના જે સમુદાયની ઈચ્છા વિરુદ્ધ પુનર્વાસ તરફ આગળ વધે છે ત્યારે એ યોજનાએ પુનર્વાસ અને પુન:સ્થાપનની કિંમત પૂરી પાડવાની જોગવાઈ કરવી જોઈએ.
- સ્થળ પરિવર્તન અને પરેશાનીની સ્થિતિમાં ખાસ કરીને પ્રતિકુળ મૌસમના સમયમાં વ્યવસાયનો સમયગાળો ઘટાડવો જોઈએ.

---

૩. પુન:સ્થાપના અને પુનર્વાસ નીતિ તથા જમીન સંપાદન સંબંધિત કાનૂની ધોરણ પ્રેસ સૂચના બ્યુરો, ભારત સરકાર, ૧૨ ઓક્ટોબર ૨૦૦૭
વેબસાઈટ: http://pib.nic.in/newsite/erelease.aspx?relid=31832

૪. રાષ્ટ્રીય પુન:સ્થાપના અને પુર્નવાસ નીતિ, ૨૦૦૭ ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર, ૩૧ ઓક્ટોબર ૨૦૦૭
વેબસાઈટ:http://www.dgde.gov.in/sites/defualt/files/acquisition/NRRP2007.pdf

### (ઘ) શહેરી ફૂડ વ્યવસાયિકો પર રાષ્ટ્રીય નીતિ, ૨૦૧૩

આ નીતિ ખાતરી કરે છે કે કોઈપણ છુટક વ્યવસાયિકને દુર કરવા અને જગ્યા બદલાવતા પહેલાં તેમને યોગ્ય સૂચના દેવી જોઈએ. નીતિ સ્પષ્ટરૂપે જણાવે છે કે,

> કાયદેસર જગ્યાએ તંબુ લગાવવાની સ્થિતિમાં ઓછામાં ઓછા થોડા કલાકો પહેલા તેમની કારોબારીને જાણ કરવી જોઈએ તેથી તેઓને (મહિલા અને પુરુષ બંને) કબજાવાળી જગ્યાને ખાલી કરવાનો સમય મળે. જગ્યા બદલવાની સ્થિતિમાં રજીસ્ટર્ડ કારોબારીઓને યોગ્ય ઉણપરહિત અથવા નવી જગ્યાઓ ફાળવવાના હેતુથી રજીસ્ટર્ડ કરવી જોઈએ.[૫]

## ૬.૩ કોર્ટના ચૂકાદાઓ

### (ક) ભારતની સર્વોચ્ચ અદાલતના ચૂકાદાઓ

ભારતની સર્વોચ્ચ અદાલતે તેના ઘણા બધા ચૂકાદાઓમાં વ્યવસ્થા પ્રદાન કરી છે કે યોગ્ય આવાસનો અધિકાર એક મૂળભૂત માનવ અધિકાર છે, જે બંધારણના ફકરા–૨૧ દ્વારા નક્કી જીવન જીવવાનો અધિકાર રક્ષિત છે. (કોઈપણ વ્યક્તિ કાયદા દ્વારા સ્થાપિત કાર્યવ્યવહાર અનુસાર અથવા પોતાના જીવન અને અંગત સ્વંત્રતાથી વંચિત નહીં રહે) એવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ અદાલતી ચૂકાદાઓ આપ્યા છે. જેમાં આશ્રયનો અધિકાર તથા જીવન જીવવાનો અધિકાર મધ્યમ સંબંધ માનવામાં આવ્યો છે.[૬]

---

૫. શહેરી ફૂડ વ્યવસાયિકો ઉપર રાષ્ટ્રીય નીતિ ૨૦૦૯, ફકરો ૫.૧
વેબસાઈટ: http://mhupa.gov.in/policies/StreetPolicy09.pdf

૬. ઉત્તર પ્રદેશ આવાસ અને વિકાસ પરિષદ વિરૂદ્ધ ફ્રેન્ડસ્ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ, ચમેલી સિહં અને અન્ય વિરૂદ્ધ ઉત્તર પ્રદેશ સરકાર [(૧૯૯૬ ૨ એસસીસી ૫૪૯ ૧૩૨)], ફ્રાંસિસ કોલોની વિરૂદ્ધ યુનિયન ટેરીટરી દિલ્હી (એઆઈઆર ૧૯૮૧ એસસી ૭૪૬, ૭૫૩)], શાંતિ સ્ટાર બિલ્ડર વિરૂદ્ધ નારાયણ ખીમા લાલ ટોટમી [(૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦], ઓલ્ગા તેલીજ વિરૂદ્ધ બોમ્બે નગર નિગમ [(૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫, મધુ કિશ્વર વિરૂદ્ધ બિહાર સરકાર [(૧૯૯૬) ૫ એસસીસી ૧૨૫], ભારતની ગ્રામોફોન કંપની વિરૂદ્ધ બીલી પાંડે [૧૯૮૪ (૨) એસસીસી ૫૩૪], પીયુસીએલ વિરૂદ્ધ ભારતીય સંઘ [(૧૯૯૭) (૩) એસીસી ૪૩૩], સીઈઆરસી વિરૂદ્ધ ભારતીય સંઘ [(૧૯૯૫) (૩) એસસીસી ૪૨]

ચમેલી સિંહ તથા અન્ય વિરુદ્ધ ઉત્તરપ્રદેશ રાજ્ય (૧૯૯૬) ના એક કેસમાં અદાલતે જીવન જીવવાના અધિકાર ઉપર સ્પષ્ટ વિચાર રજૂ કર્યો છે,[૭]

**"કોઈપણ સભ્ય સમાજમાં સંપૂર્ણરીતે પ્રદાન કરેલ જીવન જીવવાનો અધિકાર અંતર્ગત ભોજન, પાણી, સારું પર્યાવરણ, શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા અને આશ્રયના અધિકારનો સમાવેશ છે. એ કોઈ પણ સભ્ય સમાજમાં માન્ય મૂળભૂત માનવ અધિકાર છે. તમામ પ્રકારના નાગરિક, રાજનૈતિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર, માનવ અધિકારોના સાર્વભૌમિક ઘોષણાપત્રમાં તેમજ સંમેલનોમાં સ્થાપિત છે. અન્યથા ભારતના બંધારણ અંતર્ગત આ બધા મૂળભૂત અધિકારો વિના જીવન જીવવાના અધિકાર પર અમલ ન થઈ શકે."**

આશ્રય અને યોગ્ય આવાસના અધિકારને પણ અદાલતનો નિર્ણય સ્પષ્ટપણે નિર્ધારીત કરે છે. એ આ પ્રકારે છે:

**"મનુષ્ય માટે આશ્રય એ તેના જાન-માલનું રક્ષણ કરવું માત્ર અંતિમ ધ્યેય નથી. એ એક એવું ઘર હોય છે, જયાં તેની પાસે શારીરિક, બૌદ્ધિક તથા આધ્યાત્મિક રૂપથી આગળ વધવા માટે યોગ્ય અવસર મળે છે. આવી રીતે આશ્રયના અધિકારમાં રહેવા માટે પૂરતી જગ્યા, સુરક્ષિત તથા સુંદર બનાવટ, સ્વચ્છ અને સુખદ પર્યાવરણ, યોગ્ય પ્રકાશ, શુદ્ધ હવા તથા રોડ વગેરેનો સમાવેશ થાય છે. તેથી તેની પોતાના દૈનિક વ્યવસાય સુધી પહોંચ સુનિશ્ચિત થઈ શકે. આ રીતે આશ્રયના અધિકારથી કોઈના માથા પર માત્ર છત મેળવવી સુધી મર્યાદિત નથી. પરંતુ બધા પ્રકારના પાયાના માળખાની છે જે તેને મનુષ્યની જેમ જીવન તેમજ વિકાસ કરવા માટે સમર્થ બનાવવા માટે જરૂરી છે."**

---

૭. ચમેલી સિંહ અને અન્ય વિરૂદ્ધ ઉત્તર પ્રદેશ સરકાર [(૧૯૯૬) ૨ એસસીસી ૫૪૯]

# ૭




# ગુજરાતમાં જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીઓનું PPP (જાહેર ખાનગી ભાગીદારી) દ્વારા તે જ સ્થળે પુનઃસ્થાપન કરવા માટેની નીતિ

## આ નીતિના ધ્યેય નીચે મુજબના છે:

૧. રાજ્યના શહેરી વિસ્તારોમાં આવેલી ઝૂંપડપટ્ટીઓનું પુનઃસ્થાપન તે જ સ્થળે કરવું.

૨. ઝૂંપડપટ્ટીમાં વસતા કુટુંબોને પ્રાથમિક સુવિધાઓ સાથેના બે રૂમ, રસોડું, બાથરૂમ અને જાજરૂવાળું મકાન ઉપલબ્ધ કરાવવું.

૩. ૧૫ વર્ષ પછી લાભાર્થીને આ મકાનનો માલિકી હક્ક આપવો.

૪. શહેરી ગરીબોની જીવનશૈલી સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવી.

## ઝૂંપડપટ્ટી કોને કહેવામાં આવશે?

(ક) કોઈ વિસ્તાર નીચાણવાળો, અસ્વચ્છ, ગંદો, ગીચોગીચ હોવાને લીધે અથવા અન્યથા તે વિસ્તારના અથવા તેની પડોશના રહેવાસીઓના આરોગ્ય, સલામતી અથવા નીતિમત્તાને ભયરૂપ છે, અથવા

(ખ) માનવ વસવાટ માટે વપરાતા અથવા વાપરવા ધારેલા કોઈ વિસ્તારમાંના મકાનો

૧. માનવ વસવાટ માટે કોઈ પણ રીતે અયોગ્ય છે, અથવા

૨. આવા મકાનોની વિસ્તાર હાલત, ગીચતા, ખામી ભરેલી ગોઠવણી અને રસ્તાની સંકડાશ અથવા ખામી ભરેલી ગોઠવણીને કારણે, હવા – ઉજાસ, પ્રકાશ અથવા સફાઈ સગવડના અભાવને અથવા આ બધા કારણે સલામતી, આરોગ્ય અથવા નીતિમત્તાને હાનિકારક છે, ત્યારે તે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આવા વિસ્તારને ઝૂંપડપટ્ટી તરીકે જાહેર કરશે.

(ગ) કોઈ મકાન આ અધિનિયમના હેતુઓ માટે, માનવ વસવાટ માટે અયોગ્ય છે કે કેમ તે નક્કી કરતી વેળા, નીચેની બાબતોના સંબંધમાં તેની હાલત લક્ષમાં લેવી જોઈએ;

- મરામત, મજબૂતી, ભેજ વગરની સ્થિતિ, કુદરતી હવા ઉજાસ, પાણીની સગવડ, ગટર અને સફાઈની સગવડો
- અનાજ ભરવા, ખોરાક તૈયાર કરવા અને રાંધવા માટે અને ગંદા પાણીના નિકાલ માટેની સગવડો, અને સદરહું બાબતો પૈકી એક અથવા વધુ બાબતમાં મકાન એવી ખામીવાળું હોય કે, તે હાલતનું મકાન રહેવા માટે વાજબી રીતે યોગ્ય નથી તો તે મકાન ઉપર જણાવ્યા મુજબ અયોગ્ય ગણાશે.

## આ નીતિ ક્યાં લાગું પડશે?

આ નીતિ જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીઓ માટે લાગુ પડશે. જાહેર જમીનો અંતર્ગત સરકારી જમીનો, શહેરી જમીન ટોચ મર્યાદા ધારા અંતર્ગત છૂટી કરવામાં આવેલ જમીનો, શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શહેરી વિકાસ સત્તા મંડળો, જાહેર બોર્ડ, સાહસો તેમજ જાહેર સત્તા મંડળોની માલિકીની જમીનો આવરી લેવામાં આવશે.

## લાભાર્થીઓને કયા કયા લાભો મળી શકે?

૧. આ નીતિ અંતર્ગત લાભાર્થી તરીકે જે કુટુંબો તા.૧-૧૨-૨૦૧૦ના રોજ ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય તેઓને ગણવામાં આવશે. અમલીકરણ એજન્સી દ્વારા પુનઃવસન માટે વીજળી બિલ, મતદાર ઓળખ કાર્ડ, ઝૂંપડપટ્ટી સર્વે અથવા રેશનકાર્ડ આ ચાર પૈકી કોઈ પણ બે માપદંડના આધારે લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની રહેશે.

૨. આ નીતિ અંતર્ગત ઝૂંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને તેઓના ઝુંપડાના બદલે મફતમાં ઓછામાં ઓછું ૨૫ ચો.મી. બિલ્ટઅપ એરિયા ધરાવતું બે રૂમ, રસોડું, બાથરૂમ તેમજ જાજરૂની સગવડવાળું પાકું મકાન આપવામાં આવશે.

૩. લાભાર્થીઓને પીવાના પાણીની – ગટર લાઈનની તેમજ વિજળી કનેક્શનની સવલતો આપવામાં આવશે. જેની કાયમી નિભાવણી, જાળવણી અને ચુકવવા પાત્ર ખર્ચની જવાબદારી લાભાર્થીની રહેશે. આ મકાનનો સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો જે ઘરવેરો અને ચુકવવાપાત્ર વેરો આવે તે લાભાર્થીએ નિયમિત ચૂકવવાનો રહેશે.

૪. આવા દરેક ૫૦૦ મકાન દીઠ ઓછામાં ઓછો ૫૦ ચો.મી. વિસ્તાર ધરાવતી આંગણવાડી / હેલ્થ સેન્ટરનો નિયમાનુસાર લાભ આપવામાં આવશે.

૫. લાભાર્થીઓને ૧૫ વર્ષ માટે ફાળવવામાં આવેલ આવાસના લીઝ હોલ્ડ હક્ક આપવામાં આવશે અને ત્યારબાદ માલિકી હક્ક આપવામાં આવશે. પરંતુ જમીનની માલિકી જે તે સ્થાનિક સ્વરાજની સંસ્થા અથવા સત્તા મંડળની રહેશે.

૬. પુનઃવસનના હેતુસર ઝૂંપડપટ્ટીમાં વસતા લાભાર્થીને બે વિકલ્પો આપવામાં આવશે.

   - હાલની જગ્યાએ જ (In – Situ) ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનામાં મકાન મેળવવાના વિકલ્પો પ્રથમ તેમજ પસંદગી પાત્ર ગણવામાં આવશે.

- ફક્ત અપવાદરૂપ કિસ્સામાં જો કોઈ લાભાર્થી ઝૂંપડપટ્ટી પુન:વસન યોજનાના ભાગરૂપે ઉપરોક્ત વિકલ્પને બદલે અન્ય કોઈ પણ ખાનગી પરવડે તેવી આવાસ યોજનામાં નિયત કરેલ લઘુત્તમ માપદંડો પ્રમાણેનું મકાન મેળવવા પોતાની ઈચ્છા અને લેખિત સંમતિથી વાજબી કારણો સાથે સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં રજૂઆત કરે અને તેની રજૂઆત માન્ય રહેથી આ વિકલ્પ મુજબ મકાન પુરૂ પાડવા સુધીની વ્યવસ્થા પસંદગી પામેલ વિકાસકારે જ કરવાની રહેશે.

૭. ફાળવાયેલ આવાસનું સ્ટેમ્પ ડયુટી રજિસ્ટ્રેશન રૂા. ૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે.

૮. પાત્ર લાભાર્થી ઝૂંપડપટ્ટીમાં દુકાન ધરાવતા હશે તો પુન:વસન યોજના અંતર્ગત લઘુત્તમ ૧૫ ચો.મી. ધરાવતી દુકાન મેળવવા તેઓ પાત્ર બનશે.

## નિયત સત્તા મંડળના કાર્યો અને ફરજો નીચે મુજબના રહેશે.

૧. ઝૂંપડપટ્ટીના તે જ સ્થળે પુન:વસનની યોજના બનાવવી.

૨. ઝૂંપડપટ્ટીમાં ૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ રહેતા કુટુંબોની યાદી બનાવવી.

૩. આ યોજનાના માર્ગદર્શક માપદંડો નિયત કરવા.

૪. જાહેર અને પારદર્શક બીડીંગ પદ્ધતિથી ખાનગી વિકાસકારોનું ચયન કરવું

૫. જરૂરી કાયદાકીય (સ્ટેચ્યુટરી કલીઅરન્સ) મંજૂરી આપવી.

૬. ઝૂંપડપટ્ટીનું તે જ સ્થળે પુન:વસન માટે જગ્યા ખાલી કરવા ખાનગી વિકાસકારોને મદદરૂપ થવું.

૭. પાયાની જરૂરિયાતો માટે મુખ્ય બાહ્ય આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

૮. ખાનગી વિકાસકાર સાથે ઝૂંપડપટ્ટી પુન:વસન યોજના માટે કન્સેશન એગ્રીમેન્ટ કરવું. આ એગ્રીમેન્ટમાં ખાનગી વિકાસકારને આપવામાં આવનાર પ્રોત્સાહનો, છૂટછાટ અને બન્ને પક્ષના કાર્યો અને ફરજો આવરી લેવાના રહેશે. આ ઉપરાંત આમુખમાં દર્શાવેલ કોઈ પણ ધ્યેય સિદ્ધિનો ભંગ થયેથી નિયત પ્રક્રિયા મુજબ એગ્રીમેન્ટ રદ કરવાની જોગવાઈ પણ રાખવાની રહેશે.

## ખાનગી વિકાસકારોના કાર્યો અને ફરજો

૧. ઝૂંપડપટ્ટી પુન:વસન યોજના માટેના વિગતવાર આર્કિટેક્ચરલ તેમજ સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ અને ડીઝાઈન તેમજ આવાસની ડીઝાઈન અને યોજનાનું માળખું તૈયાર કરવું.

૨. ઝૂંપડપટ્ટી પુન:વસન માટે જરૂરી નાણાંકીય ભંડોળની વ્યવસ્થા કરવી.

૩. ઝૂંપડપટ્ટી પુન:વસન યોજનાની મંજૂરી જરૂરી નિયત સત્તાધિકારી પાસેથી મેળવવી.

૪. ઝૂંપડપટ્ટી તે જ સ્થળે પુનર્વસન કરવા સ્થળ ખાલી કરાવવું

૫. ઝૂંપડપટ્ટી પુન:વસનની મંજૂર થયેલ યોજનાના અમલીકરણ દરમ્યાન આ યોજનાના લાભાર્થીઓને અન્ય સ્થળે રહેવાની વ્યવસ્થા કરવા તેમજ યોજના પૂર્ણ થયેથી તેઓને તે જ સ્થળે યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ આવાસોમાં વસાવવાના રહેશે.

૬. ઝૂંપડપટ્ટી પુન:વિકાસ કરવાની જવાબદારી ખાનગી વિકાસકારની રહેશે.

૭. ઝૂંપડપટ્ટી પુન:વસન યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસોની નિયત સત્તા મંડળની દેખરેખ અંતર્ગત લાભાર્થીઓની ઉપસ્થિતિમાં કોમ્પ્યુટર ડ્રો કરી ફાળવણી કરવી.

૮. લાભાર્થીઓને આવાસ ઉપરાંત યોજના અંતર્ગત પાયાની સુવિધાઓ પૂરી પાડવી. યોજનાના લાભાર્થીઓનું યોજનાની જાળવણી માટે એસોસીએશન બનાવવું.

૯. યોજનાની જાળવણી માટે બાંધકામના પ્રતિ ચો.મી. રૂા. ૨૫૦/–નું ભંડોળ ઉભું કરી લાભાર્થીઓના એસોસીએશનને અથવા નિયત સત્તામંડળને તબદીલ કરવું

૧૦. ઝૂંપડપટ્ટી પુન:વસન યોજના માટે પસંદગી કરવામાં આવેલ વિકાસકારની ખામી જવાબદારી સમય ૭ વર્ષનો રહેશે.

## ઝુંપડાવાસીઓની ભાગીદારી

૧. પસંદ થયેલા વિકાસકાર દ્વારા યોજનાનું અસરકારક આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે ઝૂંપડપટ્ટી પુન:વસન યોજનાના અમલીકરણના દરેક તબક્કે ઝૂંપડપટ્ટીમાં વસતા સમુદાયોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. વિકાસકાર દ્વારા સરળ પુન:વસન માટે ઝૂંપડપટ્ટીમાં વસતા કુટુંબોના સમુહોની વિકાસ પ્રક્રિયામાં ભાગીદારી વધે તે હેતુથી સ્વંયસેવી સંસ્થાઓ / કોમ્યુનીટી બેઝડ ઓર્ગેનાઈઝેશનની મદદ લઈ શકાશે. લોક ભાગીદારી નીચે મુજબ મેળવવાની રહેશે.

- ઝૂંપડપટ્ટી  પુન:વસન યોજનાનું આયોજન કરવું, નકશાઓ તૈયાર કરવા, સર્વે, નામાંકન અને ડેટાબેઇઝ તૈયાર કરવામાં સહકાર મેળવવાનો રહેશે.
- ઝૂંપડપટ્ટી  પુનઃ વસન યોજનાનું સુક્ષ્મ આયોજન તેઓના સહકારથી કરવાનું રહેશે.
- ઝૂંપડપટ્ટી  પુન:વસન યોજનાના અમલીકરણ, મરામત અને જાળવણી ઝૂંપડપટ્ટી  પુન:વસન યોજના કક્ષાએ એસોસીએશન ગઠન કરી શકાશે.
- ઝૂંપડપટ્ટી  પુન:વસનની યોજનામાં લાભાર્થીઓ જયારે તેમના નવા આવાસમાં નિવાસ માટે જાય ત્યારે શહેરી વ્યવસ્થામાં સુધરેલી અને જવાબદારીપૂર્ણ જીવનશૈલી અપનાવે તેની કાળજી બિન સરકારી સંગઠનો / કોમ્યુનીટી બેઈઝડ્ ઓર્ગેનાઈઝેશનની મદદ લઈ ખાનગી વિકાસકારે કરવાની રહેશે.

# ૮



# બળજબરીથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં આંતરરાષ્ટ્રીય સૂચનો અને ધોરણો કયા છે અને જેનું પાલન આવશ્યક છે?

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કાનૂનો અને નીતિઓ સિવાય માનવ અધિકાર સંબંધિત અનેક વિશિષ્ટ ધોરણો અને સૂચનોને પણ વ્યવહારમાં અપનાવવાની જરૂરિયાત છે તેથી એ ખાતરી કરવામાં આવે છે કે વસ્તીના અધિકારો સુરક્ષિત છે. ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી અને વિસ્થાપન આધારિત વિકાસનો વિચાર લઈને સંયુક્ત રાષ્ટ્રસંઘના મૂળ સિદ્ધાંતો અને સૂચનો સભ્ય રાજયો અને ગૈર સભ્ય રાજયો માટે વિસ્તૃત પગલાંઓ નિર્ધારીત કરે છે, જેનું અસામાન્ય પરિસ્થિતિઓમાં ઉભી થતી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં પાલન આવશ્યક છે.[૧]

ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા અને વિસ્થાપન પર આધારિત વિકાસને લઈને યોગ્ય આવાસના સંબંધમાં નક્કી કરેલ સંયુક્ત રાષ્ટ્રસંઘના મૂળ સિદ્ધાંતો અને સૂચનો (૨૦૦૭)[૨] સંયુક્ત રાષ્ટ્રસંઘના ખાસ ખબરપત્રી દ્વારા રજુ કરવામાં આવ્યા અને તેના પર સંયુક્ત રાષ્ટ્રની માનવ અધિકાર પરિષદે અનુમતિ પણ આપી છે.

આ સૂચનોમાં અનેક ઉપયોગી જોગવાઈઓ છે જે માનવ અધિકારની સુરક્ષા પર કેન્દ્રિત છે. એ સૂચનો મુખ્યત્વે નીચે મુજબ છે:

- ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી અને વિસ્થાપનની સંભાવનાઓને વિકલ્પોથી ઓછા કરવાના પ્રયાસ કરે છે.
- ખાસ કરીને એ વાતનો ઉલ્લેખ કરે છે કે અસામાન્ય પરિસ્થિતિઓમાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહી માત્ર આરોગ્ય સુવિધા તથા લોકોની વ્યાપક ભલાઈને ધ્યાનમાં લઈને જ કરી શકાય છે.
- અસામાન્ય પરિસ્થિતિઓમાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની સ્થિતિમાં કામ કરવાની પદ્ધતિ નિર્ધારીત કરે છે જેમાં સભ્ય રાજયો તથા ગૈર સભ્ય રાજયો બંને દ્વારા ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની પ્રક્રિયાના તબક્કામાં અર્થાત ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની પ્રક્રિયા પહેલાં, પ્રક્રિયા દરમ્યાન અને પ્રક્રિયા પછી આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર પાલન થઈ શકે.

---

૧. સંયુક્ત રાષ્ટ્રસંઘના દિશા – નિર્દેશોને ભારતીય ભાષાઓ હિંદી, તેલુગુ, બંગાળી અને ઉડીયામાં જોવા માટે આ વેબસાઈટનું અવલોકન કરો;
વેબસાઈટ: http://www.hic.sarp.org/hinditranslation.html

૨. યોગ્ય આવાસ ઉપર સંયુક્ત રાષ્ટ્રસંઘના ખાસ ખબરપત્રી દ્વારા પ્રસ્તુત રિપોર્ટ, એ/એચઆર સી/૪/૧૮ ફેબ્રુઆરી ૨૦૦૭
http://www2.ohchr.org/english/issues/housing/docs/guidelines_en.pdf
અન્ય ભાષાઓમાં ભાષાંતર:
http://www.ohchr.org/EN/issues/Housing/Pages/ForcedEvictions.aspx
www.hic-sarp.org

સંયુક્ત રાષ્ટ્રના સૂચનો જણાવે છે કે અસામાન્ય પરિસ્થિતિઓમાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા માત્ર લોક હિતને જ ધ્યાનમાં રાખીને કરી શકાય છે. એવી બધી જ કાર્યવાહીઓ કાયદા દ્વારા પ્રમાણિત હોય, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો અનુરુપ અમલી બને, તાર્કિક અને પ્રમાણસરનું હોય જેમાં સંપૂર્ણ તથા ન્યાય અનુરુપ વળતરની સાથે પુન:સ્થાપનની ખાતરી હોય.[૩]

## ૮.૧ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતા પહેલા (ફકરો ૩૭–૪૪)

ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતા પહેલાં સરકાર માટે નીચે મુજબના ધોરણોનું પાલન કરવું આવશ્યક છે:

(ક) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાનો નિર્ણય તથા ઉપલબ્ધ વૈકલ્પિક વ્યવસ્થા પર કાનૂની સમસ્યાઓની તક આપવા માટે અસરગ્રસ્ત લોકોની સાથે પ્રભાવિ રીતે વાતચીત કરવી અને સામાન્ય સુનાવણી આયોજીત કરવી.

(ખ) પ્રસ્તાવિત ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાથી વિકાસ અને પ્રયોગની સંભાવના પહેલાં સંપૂર્ણ વાસ્તવિક કિંમત અને નુકસાન (સામગ્રી, વસ્તુ અને અન્ય) અનુમાનનું નિર્ણય કરવા માટે ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની અસરની આકરણીનું પાલન કરવું.[૪]

(ગ) ખાલી કરવાની જગ્યાનું સર્વેક્ષણ કરવું, જે ખાસ કરીને અસરગ્રસ્ત લોકો અને અત્યંત ઉપેક્ષિત સમૂહોની ઓળખ કરવા માટે આવશ્યક છે.

(ઘ) ખરા અર્થમાં અસરગ્રસ્ત તમામ લોકોની લેખિતમાં તથા સ્થાનિક ભાષામાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની સહી, તારીખ તથા નોટિસ આપવામાં આવે અને તેમાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાનો નિર્ણય તથા પુનર્વાસની યોજનાઓના સંબંધમાં ખુલાસો સમાવિષ્ટ હોય.

(ડ) અસરગ્રસ્ત લોકોને તેમના અધિકારો તથા વિકલ્પો માટે કાનૂની, તકનીકી તથા અન્ય સલાહની સુવિધા પૂરી પાડવામાં આવે. જરૂર પડે તો એ અસરગ્રસ્તોને મફત કાનૂની મદદ આપવી.

(ઈ) અસરગ્રસ્ત સમુદાયોને પુનર્વાસના સ્થળે વસાવતા પહેલાં એ સ્થળોને યોગ્ય આવાસની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો અનુરુપ તૈયાર કરવાં.

---

૩. આ વેબસાઈટનું અવલોકન કરો;
http://direitoamoradia.org/wp-content/uploads/2012/01/guide_eviction_pgs_duplas.pdf

૪. એવિક્શન ઇમ્પેક્ટ એસેસમેન્ટ ટુલની વધારે જાણકારી માટે આવાસ અને જમીન અધિકાર નેટવર્ક, દિલ્હીના ફોન નં: ૦૧૧–૨૪૩૫–૮૪૯૨ ઉપર સંપર્ક કરો અથવા ઈ–મેઈલ: info@hic-sarp.org

## ૮.૨ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે (ફકરો ૪૫–૫૧)

ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહી દરમિયાન (તથા કાર્યવાહીમાં સમાયેલ તમામ સરકારી સંસ્થાઓ) જરૂરી છે:

(ક) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની જગ્યા પર સરકારી અધિકારીઓ/પ્રજાના પ્રતિનિધિઓ/અથવા તટસ્થ નિરીક્ષકોની હાજરી હોવી જરૂરી છે.

(ખ) એ ખાતરી કરવા માટે પગલાં ઉઠાવવા કે મહિલાઓ સાથે જાતિ આધારિત ભેદભાવ તથા હિંસા ન થાય અને બાળકોના અધિકાર સુરક્ષિત રહે.

(ગ) એ ખાતરી કરવામાં આવે કે અસામાન્ય મૌસમની સ્થિતિઓમાં, રાત્રિના સમયમાં, ધાર્મિક, વેકેશન તથા ઉત્સવો દરમિયાન, શાળાની પરિક્ષાઓ પહેલા અથવા પરિક્ષાઓ દરમિયાન ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની કાર્યવાહી ન કરવી.

(ઘ) એ ખાતરી કરવી કે કોઈપણ વ્યક્તિ હુમલો અથવા હિંસાનો શિકાર ન બને અથવા સંપતિ અથવા અન્ય વસ્તુઓથી વંચિત ન રહે.

(ડ) બળનો કાનૂની પ્રયોગ કરતી વખતે આવશ્યકતા અને સમાનતાના સિદ્ધાંતનું સન્માન કરવામાં આવે.

(ચ) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના અસરગ્રસ્ત લોકોને તેમના ઘરો સુધી તથા પુનર્વાસના સ્થાન સુધી પહોંચવા માટે મદદ કરવી.

## ૮.૩ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યા બાદ (ફકરો ૫૨–૫૮)

ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યા બાદ સરકાર (કાર્યવાહીમાં સમાયેલાં તમામ સરકારી પક્ષો) માટે નીચે મુજબના કાર્ય કરવા આવશ્યક છે:

(ક) જલ્દી ન્યાયપૂર્ણ રીતે વળતર તથા યોગ્ય વૈકલ્પિક આવાસ ઉપલબ્ધ કરાવવાં.

(ખ) એની ખાતરી કરવી કે ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કારણે કોઈ એક મોટા પરિવારના સદસ્ય અથવા સમુદાયના સભ્યો એકબીજાથી દૂર ન થયા હોય.

(ગ) એની ખાતરી કરવી કે તમામ યોજનાઓની પ્રક્રિયાઓમાં તથા મૂળભૂત સેવાઓ અને પૂરવઠાના વિતરણમાં મહિલાઓની સમાન ભાગીદારી હોય.

(ઘ) તમામ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવેલ લોકોના આરોગ્યની દેખભાળ તથા મનોવૈજ્ઞાનિક મદદ કરવામાં આવે. મહિલાઓ અને બાળકોની જરૂરિયાતો પર ખાસ ધ્યાન આપવામાં આવે.

(ડ) એ ખાતરી કરવામાં આવે કે પસંદ કરવામાં આવેલ પુનર્વાસનું સ્થળ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂનો અનુરૂપ યોગ્ય આવાસના ધોરણોને પૂર્ણ કરે છે.

(ચ) એ ખાતરી કરવી કે મહિલાઓ, બાળકો, અસહાય લોકો તથા અન્ય ઉપેક્ષિત સમૂહો સમાન રીતે સુરક્ષિત છે તથા તેમના માલિકોના અધિકારો સુરક્ષિત છે.

## ૮.૪ બાળકોના અધિકારોના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સૂચનો

૧) બાળકોના માનવ અધિકારો સંપૂર્ણપણે સુરક્ષિત છે.

૨) યોગ્ય આવાસ માટે બાળકોના અધિકારોનું હનન ન થાય અને બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવામાં બાળકોની સુરક્ષાને ધ્યાનમાં લેવામાં આવે.

૩) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની આકારણીના સમયે બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની બાળકો પર પડવાની અસંગત અસરો ઉપર ધ્યાન આપવામાં આવે.

૪) એ વાત પર ભાર મૂકવામાં આવે છે કે ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહી દરમિયાન બાળકો પર કોઈ પણ પ્રકારની હિંસાની સંભાવના નથી.

૫) એ સ્પષ્ટ કરવામાં આવે છે કે બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહીઓ શાળાની પરીક્ષાઓ દરમિયાન અથવા પરીક્ષાઓ પહેલાં થઈ શકશે નહીં.

૬) લાભથી વંચિત સમુદાયો જેમાં બાળકો પણ સમાયેલ છે તેમને ઘર તથા જમીનની ફાળવણીમાં પ્રાથમિકતા દેવી આવશ્યક છે.

૭) એ સ્પષ્ટ કરવામાં આવે છે કે બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યા બાદ તુરંત જ રાહત અને પુનર્વાસ અંતર્ગત બાળકોની શિક્ષા તથા બાળ સુરક્ષા જેવી સુવિધાઓની જોગવાઈઓ જરૂરથી સામેલ કરવામાં આવે.

૮) પુનર્વાસની જગ્યાના દાયરામાં શાળાઓ તથા બાળ સુરક્ષા કેન્દ્રોની સુવિધા કરવી આવશ્યક છે.

૯) બાળકોના આરોગ્ય સંબંધી અધિકારો સુરક્ષિત રહે તેના માટે બાળકોના આરોગ્ય સંબંધી જરૂરિયાતો પર ખાસ કરીને ધ્યાન આપવાની આવશ્યકતા છે.

## ૮.૫ મહિલાઓના અધિકારોના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રના સૂચનો

**સંયુક્ત રાષ્ટ્રના સૂચનો સુનિશ્ચિત કરે છે કે,**

**૧) મહિલાઓને યોગ્ય આવાસ તથા તેમના ઉપયોગની સમયરેખાની સુરક્ષાને લઈને માનવ અધિકારના સમાન લાભ મળી રહે છે. (તમામ મહિલાઓને ઘર તથા જમીન પર માલિકીનો અધિકાર મળવો જોઈએ.)**

**૨) મહિલાઓને બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં સુરક્ષાનો સમાન અધિકાર મળે છે.**

**૩) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની આકારણી જેવાં કાર્યક્રમ મહિલાઓ પર ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની અસંગત અસરોને નક્કી કરે છે.**

**૪) ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે મહિલાઓ કોઈપણ પ્રકારની હિંસા તથા ભેદભાવનો વિષય નથી.**

**૫) મહિલાઓ તમામ પ્રકારના વળતરમાં સંપૂર્ણ રકમમાં પુરુષો સાથે સંયુક્ત રીતે લાભાર્થી છે.**

**૬) મહિલાઓને તમામ પ્રકારની યોજનાઓ તથા નિર્ણય પ્રક્રિયાઓમાં સમાન રીતે ભાગ લેવો તથા અસરકારક રીતે વાત રાખવા માટેનો હક્ક છે. તેથી ઘરેલુ, સામુદાયિક, સંસ્થાગત, વહીવટી, કાનૂની તથા અન્ય જાતિ આધારિત પૂર્વગ્રહોને નિયંત્રણમાં રાખવામાં આવે.**

**૭) એકલી રહેતી મહિલાઓ તથા વિધવાઓ પોતાના વળતર માટે અધિકારી છે**

**૮) મહિલાઓના અધિકારો, ખાસ કરીને આવાસ તથા જમીન સાથે સંબંધિત મહિલાઓની ચિંતાઓ તેમજ જરૂરિયાતો પર વિશેષરૂપથી ભાર દઈને યોગ્ય પ્રશિક્ષણ કાર્યક્રમ ચલાવવામાં આવ્યાં છે.**

૯




# બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કિસ્સામાં તમારી પાસે કયા ઉકેલ ઉપલબ્ધ છે?

આંતરરાષ્ટ્રીય કાનૂનો તથા સૂચનોના અનુસંધાને ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા હેઠળ આવેલ તમામ લોકોને યોગ્ય સમય તથા વ્યાજબી રીતે સુવિધાઓ/ઉકેલ મેળવવાનો અધિકાર છે. જેવાં કે કાનૂની સલાહકારક સુધી પહોંચ, મફત કાનૂની સહાય, વળતર, પુનર્વાસ તથા પુનઃસ્થાપન.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના ઉપર મુજબના સૂચનો વળતરના અધિકારને પણ સુરક્ષિત કરે છે. તેમાં નીચેની બાબતો સમાયેલી છે:

## ૯.૧ યોગ્ય અને ઝડપી વળતર

એ નીચેની પરિસ્થિતિઓ માટે પૂરી પાડવામાં આવે છે કે :

- કોઈપણ એવી ખામી જેવી કે જીવનની હાનિ, શારીરિક અથવા માનસિક ખામી, રોજગાર તથા શિક્ષણની તકો ખોલવા અથવા સામાન વગેરેની ખામી (જે આર્થિક નિર્ણય માટે યોગ્ય હોય) થવા પર.
- જમીનની ગુણવત્તા, આકાર તથા વળતરના મૂલ્યના રૂપમાં યોગ્ય જમીનની સાથે જમીનની જપ્તી થવા પર.
- તમામ લોકોના સામાનની તુટફુટ તથા સંપતિને નુકશાન થવા પર વળતર દેવામાં આવે, એ તેને લાયક હોય કે ન હોય.
- મહિલાઓ અને પુરુષો બંને સમાનરૂપથી વળતર રકમમાં સહ–લાભાર્થીઓ હોવાની સ્થિતિમાં.
- ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે અથવા ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવ્યા પછી માનવ અધિકારોના ઉલ્લંઘનના પરિણામે તમામ પ્રકારનું નુકસાન તથા તોડફોડ થવા પર.

## ૯.૨ વળતર અને મૂળ આવાસ પર લાવવા

- જો સ્થિતિ બને તો સરકારે એવી વ્યક્તિઓ, વર્ગો, સમુદાયોને પુનઃબહાલીમાં પ્રાથમિકતા આપવામાં આવે જેમને બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં આવ્યા હોય.
- જો સમુદાય તથા પરિવાર ફરી તે જ સ્થળે જવા ન ઈચ્છતા હોય તો તેમની ઈચ્છા વિરુદ્ધ તેમને મજબૂર ન કરવા.
- પોતાના આવાસની જગ્યાએ પરત આવનાર એ તમામ લોકોના એકત્રીકરણ માટે સરકારી સંસ્થાઓ સુવિધાઓ ઉપલબ્ધ કરશે તથા પરત

આવવાની પ્રક્રિયા વ્યવસ્થા તથા યોજના બનાવવા માટે લોકોની ભાગીદારી લેવામાં આવશે.

- ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના કારણે જે લોકોની સંપતિ તથા સામાન છૂટી ગયો હોય અથવા ખોવાઈ ગયો હોય તેને શોધવામાં સક્ષમ અધિકારી, સંસ્થાઓએ મદદ કરવી જોઈએ. જો આ સંભવ ન હોય તો વળતર અને અન્ય મદદ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

## ૯.3 પુનર્વાસ અને પુન:સ્થાપન

- પુન:સ્થાપન અંતર્ગત મહિલાઓ, ઉપેક્ષિત લોકો તથા અસહાય સમૂહો માટે સમાન માનવ અધિકારોના ઉપયોગ સંબંધ કાર્યક્રમ સમાવિષ્ટ કરવા જોઈએ.
- પુનર્વાસની જગ્યા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનુન પ્રમાણે યોગ્ય આવાસના ધોરણોને પૂર્ણ કરવી જોઈએ.
- નવા આવાસ જયાં સુધી સંભવ હોય, અસરગ્રસ્તોના મૂળ રહેઠાણ તથા તેમની રોજગારીના સાધનોની આસપાસ સ્થાપિત હોવાં જોઈએ.
- પુનર્વાસ જગ્યા પર્યાવરણીય રૂપથી પ્રતિબંધિત ક્ષેત્રો, દુષિત જમીન, તથા પ્રદુષણ ઉત્પન્ન કરવા વાળી જગ્યાઓની નજીક સ્થાપના ન કરવી.
- પુનર્વાસની પ્રક્રિયા ન્યાય સંગત તથા એક સમાન હોવી જોઈએ તથા પુનર્વાસની જગ્યા એક ઉપેક્ષિત ક્ષેત્ર તથા વેરાન વસ્તીના રૂપમાં આકાર ન લેવી જોઈએ.
- ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવામાં આવેલ વસ્તીના માનવ અધિકારોનું ઉલ્લંઘન ન થાય તથા પુનર્વાસના કારણે નવી જગ્યામાં રહેતી વસ્તી માટે જીવન જીવવાની સ્થિતિઓમાં કોઈ નકારાત્મક અસર ન પડે.

૧૦



# બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાને રોકવાં / વિરોધ અથવા ન્યાય મેળવવા માટે લઈ શકાય તેવા પગલાંઓ

## ૧૦.૧ અરજી/જાહેર હિતની અરજી દાખલ કરવી.

જાહેર હિતની અરજી એક એવી અરજી છે જે સમાજના કોઈપણ સભ્ય દ્વારા જાહેર હિતના કોઈપણ મામલા માટે, જાહેર હિતને થયેલ કોઇ નુકશાન માટે દાખલ કરી શકાય છે. બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના મામલામાં કોઈપણ અસરગ્રસ્ત વ્યકિત કોઈપણ વકીલના માધ્યમથી ગુજરાત હાઈકોર્ટ અથવા નીચલી અદાલતમાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાથી થયેલ નુકશાન માટે જાહેર હિતની અરજી રજૂ કરી શકે છે.

જાહેર હિતની અરજી કોઈપણ પીડિત વ્યકિત દ્વારા મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન પર કાનૂની ઉકેલ મેળવવા માટે દાખલ કરી શકાય છે. ભારતના બંધારણ પ્રમાણે આ અરજી ફકરો ૨૨૬ હેઠળ હાઈકોર્ટમાં અથવા ફકરો ૩૨ હેઠળ સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરી શકાય છે.

**જાહેર હિતની અરજી દાખલ કરવા માટે જરૂરી પગલાઓ:**

- પોતાની અરજી દાખલ કરવા માટે કોઈ જાહેર હિતના કિસ્સાઓને સંબંધિત વકીલ અથવા સંગઠનનો સંપર્ક કરો.
- જરૂરી પુરાવા એકત્રીત કરવા, જેવાં કે પાત્રતાનો પુરાવો, આવાસનો પુરાવો, ઓળખનો પુરાવો, ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના ફોટાઓ, નોટિસ તથા પુનર્વાસ નીતિ (જો કોઈ હોય તો) વગેરે.
- કોર્ટમાં જવાવાળા તમામ પીડિત પક્ષોના નામ તથા સરનામું વગેરેની યાદી તૈયાર કરો.
- તમામ સરકારી સંસ્થાઓ જયાંથી કોઈપણ પ્રકારની રાહત મળી શકે તેના નામ, સરનામાની યાદી તૈયાર કરો.
- માનવ અધિકારોના ઉલ્લંઘનને વધારવાવાળા સભ્યોની યાદી તૈયાર કરો.
- અસરગ્રસ્ત પક્ષ કોઈ જગ્યા પર જે તારીખથી રહે છે, કયારે ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહી થઈ, કયારે તેમને નોટિસ આપવામાં આવી, એ તમામની યાદી તૈયાર કરો.

## ૧૦.૨ માનવ અધિકારોના ઉલ્લંઘન તથા ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના દસ્તાવેજો:

- પોતાના મોબાઈલ ફોનથી ધ્વસ્તીકરણના ફોટો લેવાં.
- પોતાના મોબાઈલ ફોન અથવા કેમેરામાં ધ્વસ્તીકરણનો વીડીયો તૈયાર કરો.

- તૈયાર દસ્તાવેજોને આધાર તરીકે કોર્ટમાં રજુ કરો તથા મીડિયા, સક્ષમ સ્વૈચ્છિક સંસ્થાઓ, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘના ખાસ ખબરપત્રીને મોકલો.

## ૧૦.૩ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા અને પુનર્વાસ સંબંધિત માહિતી માટે માહિતી અધિકારના કાયદા હેઠળ અરજી દાખલ કરવી.

માહિતી અધિકાર અધિનિયમ, (આર.ટી.આઈ.) ૨૦૦૫ હેઠળ કોઈ પણ ભારતીય નાગરિક કોઈપણ સરકારી કચેરી, વિભાગ અથવા અધિકારી પાસેથી માહિતી માંગી શકે છે. આ અધિનિયમ તમામ નાગરિકોને સમયમાં માહિતી પૂરી પાડવાની જોગવાઈ કરે છે. આ અધિનિયમ માહિતી માંગતા નાગરિકોને નીચે મુજબના અધિકાર આપે છે:

- સરકારી દસ્તાવેજોની નકલો પ્રાપ્ત કરવી.
- સરકારી દસ્તાવેજોનું નિરીક્ષણ કરવું.
- સરકારી કાર્યોનું નિરીક્ષણ તથા નકલો મેળવવી.

માહિતી મેળવવાનો અધિનિયમ, જાહેર માહિતી મેળવવા માટે નીચે મુજબના ઉપાયો સૂચવે છે,

૧) માંગવામાં આવેલી માહિતી સ્પષ્ટ ઉલ્લેખ કરી એક અરજી લખો. આ પત્ર હાથથી લખેલો અથવા ટાઈપ કરેલો હોઈ શકે છે તથા ઈ–મેઈલથી પણ મોકલી શકાય છે. માહિતી મેળવવા ઈચ્છતા વ્યક્તિને અરજી લખવામાં તકલીફ થાય તો માહિતી અધિકારી અથવા મદદનીશ માહિતી અધિકારીને મૌખિક રીતે અરજી કરી શકે છે. તે અધિકારી સંબંધિત વ્યક્તિની અરજીને લખવા માટે બંધાયેલ છે. આ અરજી અંગ્રેજી, હિન્દી અથવા સંબંધિત વિસ્તારની કચેરીની ભાષામાં કરી શકાય છે.

૨) અરજીપત્રની સાથે અરજીની ફી પેટે રૂ.૨૦ જમા કરાવો. આ ફી ડિમાંડ ડ્રાફટ, બેંકર ચેક, અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડરના રૂપમાં મોકલી શકાય છે. અથવા સંબંધિત વિભાગના હિસાબનીશને રોકડા પણ આપી શકાય છે. માહિતી ઈચ્છતા વ્યક્તિએ આગળ અન્ય ફી, જે માહિતી અધિકારી દ્વારા દસ્તાવેજ પૂરા પાડવા માટે નક્કી કરેલ છે તે પણ આપવી પડશે.

૩) ગરીબી રેખાથી નીચેના અરજદારે અરજીપત્રની તેમજ અન્ય દસ્તાવેજો મેળવવાની ફી આપવાની રહેતી નથી. તેવા અરજદારે અરજીપત્ર સાથે બી.પી.એલ. રેશનકાર્ડની ઝેરોક્ષ જોડવાની રહેશે.

૪) આ રીતે અરજીપત્ર સંબંધિત જાહેર માહિતી સંસ્થાઓમાં જાહેર માહિતી અધિકારી અથવા મદદનીશ માહિતી અધિકારીને આપવાની રહેશે.
૫) માંગવામાં આવેલી માહિતી ૩૦ દિવસના સમયગાળામાં ન મળે તો, અથવા જાહેર માહિતી અધિકારીના જવાબથી સંતુષ્ટ ન હો તો તેવી સ્થિતિમાં અપીલ દાખલ કરી શકાય છે.
૬) આ અપીલ કોઈપણ સાદા કાગળમાં મૂળ અરજીપત્રની નકલની સાથે સંબંધિત વિભાગના પ્રથમ અપીલ અધિકારીને આપી શકાય છે.
૭) જો પ્રથમ અપીલ અધિકારીથી પણ માહિતી ન મળે તો તમે માહિતી આયોગમાં બીજી અપીલ દાખલ કરી શકો છો. (વિગતવાર માહિતી માટે આ વેબસાઈટ જુઓ: http://rti.india.gov.in)

સક્ષમ અધિકારીઓ તથા વિભાગો પાસેથી તમે નીચે મુજબની માહિતી માગી શકો છો:

- ઝૂંપડપટ્ટી તોડવાની માહિતી
- ઝૂંપડપટ્ટી તોડવાના કારણો તથા ઝૂંપડપટ્ટી તોડવાના આદેશની નકલો
- પુનર્વાસ તથા વૈકલ્પિક આવાસની જાણકારી
- પુનર્વાસ સંબંધી નીતિ

## ૧૦.૪ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની અસરની આકારણી

હાઉસિંગ એન્ડ લેન્ડ રાઇટસ્ નેટવર્કે વર્ષ ૨૦૦૭માં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની અસરની આકારણીના સ્વરૂપમાં એક સાધન વિકસિત કર્યું જે સંયુકત રાષ્ટ્રસંઘના મૂળ સૂચનો તથા સિદ્ધાંતો પર આધારિત છે. વિકાસ આધારિત ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી તથા વિસ્થાપન સંબંધી કોઈપણ પરિયોજનાઓની સ્વીકૃતિ અથવા તેને અંતિમ સ્વરૂપ દેતા પહેલાં ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની અસરની આકારણી રાષ્ટ્રસંઘના મૂળ સિદ્ધાંતો તથા સૂચનો મુજબ આવશ્યક છે. આ નવા સાધનને ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાની કાર્યવાહીને રોકવામાં એક મશીન તકનીકના રૂપમાં પ્રયોગ કરી શકાય છે. આ સાધન ન્યાયરીતે તથા યોગ્ય ભરપાઈ, બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે સંપતિનું નુકશાન (જેવી કે જમીન, ભવન, ઘરેલું સામાન વગેરે) તથા ગેર સંપતિ નું નુકશાન (જેવી કે શિક્ષણ, આરોગ્ય સુવિધાઓ વગેરે) ની કિંમત પર નક્કી કરવા પર કેન્દ્રિત છે. આ નવી તકનીકી સ્થાનીય પરિસ્થિતિઓમાં અપનાવી શકાય છે. તથા વ્યક્તિઓ, પરિવારો, સમુદાયો તથા સમાજ પર ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં વાસ્તવિક અસરો નક્કી કરવામાં પણ ઉપયોગમાં લઈ શકાય છે.

આ તકનીકી દ્વારા મેળવેલ તથ્યોને સરકારની સાથે ક્ષતિપૂર્ણ સંબંધી વિચાર–વિમર્શ તથા કોર્ટમાં રજૂ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

આ નવીન તકનીક પર વિસ્તૃત જાણકારી માટે સંપર્ક કરોઃ
(info@hic-sarp.org, એચ.એલ.આર.એન., ફોન. ૦૧૧–૨૪૩૫૮૪૯૨)

## ૧૦.૫ અન્ય હકીકત સત્ય શોધ અભિયાન

હકીકત શોધ અભિયાન માટે કોઈ સંસ્થા/સંગઠનની મદદ લો જે બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા સંબંધિત સાચી હકીકત, પુરાવા તથા પ્રમાણ એકત્ર કરવામાં ઉપયોગી થઈ શકે. આ કાર્યનો ઉદ્દેશ અધિકારોના ઉલ્લંઘન સંબંધીત દસ્તાવેજો તૈયાર કરવા તથા ન્યાય મેળવવા માટેની દિશામાં ભલામણો તૈયાર કરવાનો છે. આ હકીકત શોધ અભિયાનનો રીપોર્ટ કાનૂની દલીલોના ઉદ્દેશો માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. તમે કોઈ ખાસ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની ઘટના પર માહિતી એકત્રીત કરવા માટે તથા નાગરિક અધિકારોની જાગૃતિ માટે જાહેર સુનાવણીઓ અને લોક આંદોલનો પણ કરી શકો છો.

## ૧૦.૬ સંસદસભ્યો અને ધારાસભ્યો ઉપર દબાવ લાવવો

મોટા સ્તરની ઝૂંપડપટ્ટી તોડી પાડવા પર હસ્તક્ષેપ કરવા અથવા ઘર તોડી પાડવાના કિસ્સાઓને લઈને સંસંદસભ્યો, ધારાસભ્યોને મળીને પોતાના પક્ષમાં લોકમત ઉભો કરવો.

## ૧૦.૭ સવિનય અસહકારના કાર્યક્રમો યોજવા

**લોક સુનાવણીઃ**

જે લોકોના માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે તેમને કોઈ તારીખ, સમય તથા સ્થાન નક્કી કરીને લોક સુનાવણીનું આયોજન કરવું જોઈએ. લોક સુનાવણીમાં માનવ અધિકારો સંબંધિત વિષયના જાણકાર લોકોની પેનલ બનાવવી જોઈએ જે પીડિત લોકોની સમસ્યાઓને સાંભળીને એક તારણ અથવા મત પર પહોંચે.

આ મતને સરકાર તથા સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડવો જોઈએ. જાહેર સુનાવણીનું ખૂબ જ મહત્વ હોય છે. અને તેથી સરકાર અને તેના પ્રતિનિધિઓ પર સહી પહેલ માટે એક દબાણ બને છે. જયારે બીજી તરફ પીડિત જનતાના પક્ષમાં એક માહોલ ઉભો થાય છે.

**ધરણા/રેલીઃ**

સમુદાય તથા સહયોગીઓનો સાથ લઈને જવાબદાર સરકારી અધિકારીઓની કચેરીની બહાર ધરણા પ્રદર્શન કરો. ઘટનાસ્થળ પર મીડીયાને બોલાવો તથા એક માંગણીપત્ર તૈયાર કરો તથા તેની સાથે કાનૂનો તથા માનવ અધિકારોના ઉલ્લંઘનની યાદી બનાવી સક્ષમ સરકારી અધિકારીઓને આપો.

**ચક્કાજામઃ**

કોઈ નક્કી તારીખે તમામ વ્યવસાયિક વાહનોને કોઈ નક્કી રસ્તા અથવા રસ્તાઓ પર ન ચાલવાની અપીલ કરો અથવા ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા તથા માનવ અધિકારોના ઉલ્લંઘન પર લોકોને જાગૃત કરવા માટે તથા પોતાની માંગોના સમર્થનમાં કોઈ સ્થળ પર ચક્કાજામ કરી સરકાર પર દબાણ લાવો.

**કાળો દિવસઃ**

સરકારી કાર્યવાહી પર રોષ વ્યક્ત કરવા, વિરોધ દર્શાવવા માટે કાળા ઝંડા લહેરાવો, કાળી પટ્ટી, કપડા તથા બેજ લગાડી કાળો દિવસ મનાવો.

## ૧૦.૮ પત્રલેખન અને પોસ્ટકાર્ડ અભિયાન

- પત્રલેખન અભિયાન શરૂ કરવા માટે ઓનલાઈન પત્ર તૈયાર કરો અને તેમાં પોતાના મુદ્દાઓનું વિવરણ લખીને મોટા પાયા પર ઈ-મેઈલ દ્વારા લોકોને મોકલો તથા તેમને અન્ય લોકોને પ્રોત્સાહિત તથા જાગૃત કરવાના હેતુ મોકલવા અનુરોધ કરો. તમે વધારેમાં વધારે લોકોના હસ્તાક્ષરવાળો પત્ર લખી શકો છો. જેના માટે શાળાઓ, કોલેજો, સંસ્થાઓમાં તથા અન્ય સાર્વજનિક વિસ્તારોમાં સંપર્ક કરી શકાય છે.

- યોગ્ય અધિકારીઓને પોતાની ચિંતાથી વાકેફ કરાવવા માટે પોસ્ટકાર્ડ મોકલો. આ રીતે એક અભિયાન પશ્ચિમ દિલ્હી ક્ષેત્રમાં શાહબાદ ડેરી સ્થિત સરકારી અને દિલ્હી નગર નિગમની શાળાઓના બાળકો દ્વારા ચલાવવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૮૦ પ્રતિભાગિઓએ દિલ્હી હાઈકોર્ટના માનનીય મુખ્ય ન્યાયાધીશને પોસ્ટકાર્ડ મોકલીને શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ તથા શિક્ષણની ગુણવત્તાની ઉણપોને રજૂ કરી હતી.

## ચેન્નાઈમાં પત્રલેખન અભિયાન

વર્ષ ૨૦૦૧માં ચેન્નાઈની એક ઝૂંપડપટ્ટી વસ્તીમાં રહેતા લગભગ ૩૦૦ બાળકોએ તત્કાલીન મુખ્યમંત્રી એન.કે. કરૂણાનિધિને પ્રિય દાદાજી સંબોધિત કરીને એક પત્ર લખ્યો હતો. બાળકોએ તેમાં શિક્ષણ સત્રની વચ્ચે તેમના ઘરોને પાડવામાં ન આવે તેવી વિનંતી કરી. આ કાર્યના પરિણામે ચેટપેટ સ્થિત આયાસ્વામી ગલીમાં ઝૂંપડપટ્ટી વસ્તીના રહેવાસીઓને ચેન્નાઈ હાઈકોર્ટથી ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા પર મનાઈ હુકમ મળ્યો.

૧૧




# બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવતી વખતે માનવ અધિકારોના ઉલ્લંઘન થતાં તમે કોનો સંપર્ક કરી શકો?

## ૧૧.૧ યોગ્ય જવાબદાર સરકારી અધિકારીઓ

જાણકારી મેળવો કે કયો વિભાગ ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા માટે જવાબદાર હતો. એ વિભાગના યોગ્ય અધિકારીનો સંપર્ક કરો. જેવું કે ગુજરાત સંબંધિત તમામ બાબતોમાં ગુજરાતના મુખ્યમંત્રી, રાજયપાલ અને મુખ્ય સચિવનો સંપર્ક કરી શકાય છે.

**મુખ્યમંત્રી, ગુજરાત**
શ્રી નરેન્દ્ર મોદી
૩ જો માળ, સ્વર્ણીમ સંકુલ–૧,
નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ગુજરાત
ફોન : ૦૭૯–૨૩૨૩૨૬૧૧ થી ૧૮
ફેક્સ: ૦૭૯–૨૩૨૨૨૧૦૧

**રાજયપાલ, ગુજરાત**
શ્રીમતી કમલા બેનિવાલ,
રાજભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ગુજરાત
ફોન : ૦૭૯–૨૩૨૪૩૧૭૧–૭૨–૭૩
ફેક્સ: ૦૭૯–૨૩૨૩૧૧૨૧

**મુખ્ય સચિવ, ગુજરાત**
ડો. વરેશ સિંહા
પ્રથમ બ્લોક, પાંચમો માળ, નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ગુજરાત
ફોન : ૦૭૯–૨૩૨૨૦૩૭૨/ ૨૩૨૫૦૩૦૧
ફેક્સ : ૦૭૯–૨૩૨૫૦૩૦૫

**મુખ્ય સચિવ**
શહેરી વિકાસ અને શહેરી મકાન વિભાગ
શ્રી જી.આર.અલોરિયા
બ્લોક–૧૪, માળ–૯, નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ગુજરાત
ફોન : ૦૭૯–૨૩૨૫૧૦૦૩
ફેક્સ : ૦૭૯–૨૩૨૫૨૩૦૯

## ૧૧.૨ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચો

**રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (એન.એચ.આર.સી.)**
ફરીદકોટ હાઉસ,
કોપરનિકસ માર્ગ,
નવી દિલ્હી – ૧૧૦૦૦૧
ફોન: ૦૧૧–૨૪૬૬૩૩૫૫
ઈ–મેઈલ: jrlawnhrc@nic.in

**રાષ્ટ્રીય મહિલા પંચ**
૪, દિન દયાલ ઉપાધ્યાય માર્ગ,
નવી દિલ્હી – ૧૧૦૦૦૨
ફોન: ૦૧૧–૨૩૨૩૭૧૬૬/૨૩૨૩૬૯૮૮, ફેક્સ: ૦૧૧–૨૩૨૩૬૧૫૪
ઈ–મેઈલ: ncw@nic.in

**રાષ્ટ્રીય બાળ અધિકાર રક્ષણ પંચ**
માળ–૫, ચંદ્રલોક બિલ્ડીંગ,
૩૬, જનપથ,
નવી દિલ્હી – ૧૧૦૦૦૨
ફોન: ૦૧૧–૨૩૪૭૮૨૦૦, ફેક્સ: ૦૧૧–૨૩૭૨૪૦૨૬
ઈ–મેઈલ: ncpcr.india@gmail.com / complaint.ncpcr@nic.in

**રાષ્ટ્રીય અલ્પસંખ્યક પંચ**
માળ–૫, લોક નાયક ભવન,
ખાન માર્કેટ,
નવી દિલ્હી – ૧૧૦૦૦૩
ફોન: ૦૧૧–૨૪૬૧૫૫૮૩,
ફેક્સ: ૦૧૧–૨૪૬૯૩૩૦૨ / ૨૪૬૪૨૬૪૫ / ૨૪૬૯૮૪૧૦
ઈ–મેઈલ: ro-ncm@nic.in

**રાષ્ટ્રીય પછાત વર્ગ પંચ**
ત્રિકુટ ૧, ભીકાજી કામા પ્લેસ,
નવી દિલ્હી – ૧૧૦૦૬૬
ફોન: ૦૧૧–૨૦૧૮૩૨૨૭

## ૧૧.૩ મીડિયા

- મુખ્ય સમાચાર પત્રોના પત્રકારોને ફોન કરો.
- ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવી તથા તોડફોડની વિગતવાર જાણકારી સાથે પ્રેસ આપે તેવા સંગઠનોનો સંપર્ક કરો.
- સ્થાનિક સંગઠનોના સહયોગથી પ્રેસ કોન્ફરન્સ કરો.

મુખ્ય સમાચાર પત્રોના સંપર્ક:

| ક્રમ | સમાચાર પત્ર | ઓફિસ ફોન | ફેક્સ |
|---|---|---|---|
| ૧. | ગુજરાત સમાચાર | ૨૫૫૦૮૦૦૧/૨/૩ | ૨૫૫૦૨૦૦૦/૨૫૫૦૪૦૪૦ |
| ૨. | દિવ્ય ભાસ્કર | ૩૯૨૨૨૨૫૦ | ૩૯૮૧૪૦૦૧/૩ |
| ૩. | સંદેશ | ૪૦૦૦૪૨૮૨/૮૩ | ૪૦૦૦૪૨૮૧/૪૩૦૯ |
| ૪. | ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા | ૨૬૫૮૨૮૮૫/<br>૨૬૫૫૩૩૦૦/<br>૨૬૫૫૩૩૪૦ | ૨૬૫૮૩૭૫૮ |
| ૫. | ઈન્ડિયન એક્ષપ્રેસ | ૨૬૮૭૨૪૯૨ /<br>૨૬૮૭૩૯૪૧/૪૨ | ૨૬૮૭૩૯૫૦ |
| ૬. | ડીએનએ | ૩૯૮૮૮૮૫૦ | ૩૯૮૧૪૦૮૨ |
| ૭. | ગુજરાત ટુડે | ૨૫૩૨૦૩૩૦ /<br>૨૫૩૨૦૪૩૧ /<br>૨૫૩૨૮૮૨૪ | ૨૫૩૫૮૦૬૦ / ૨૫૩૨૬૨૭૩ |
| ૮. | અમદાવાદ મીરર | ૨૬૫૫૩૩૪૦ | ૨૬૫૮૩૭૫૮ |

## ૧૧.૪ યોગ્ય રહેઠાણ પર સંયુક્ત રાષ્ટ્ર સંઘના ખાસ ખબરપત્રી

સંયુક્ત રાષ્ટ્રની પાસે પૂરી દુનિયામાં યોગ્ય આવાસીય અધિકારો પર કામ કરવા માટે એક વિશેષ પ્રતિનિધિની નિમણૂંક થાય છે. ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા સંબંધી હકીકતોની સાથે એક વિસ્તૃત પત્ર તૈયાર કરી તેમાં તોડવાનો સમય, તોડવાની રીત, અસરગ્રસ્ત પરિવારોની સંખ્યા, તોડી પાડેલ ઘરોની સંખ્યા તથા કોઈ હિંસા અથવા વિનાશને લઈને અંગ્રેજી ભાષામાં વિસ્તારથી ઉલ્લેખ કરીને ખાસ પ્રતિનિધિના જીનિવા સ્થિત કાર્યાલયને જાણ કરો. હાલમાં યોગ્ય આવાસના મામલાઓમાં સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિ બ્રાજીલના શ્રી રકીલ રોલનિક (માર્ચ ૨૦૧૪ સુધી) છે.

# ૧૨




# તારણ

"આવાસનો  અધિકાર એક મૂળભૂત અધિકાર છે. જે બંધારણના ફકરો ૧૯ (૧) (ઈ) હેઠળ 'આવાસનો અધિકાર' તથા ફકરો ૨૧ હેઠળ 'જીવન જીવવાનો  અધિકાર' થી પ્રેરિત છે."

યોગ્ય આવાસનો અધિકાર એક એવો માનવીય અધિકાર છે જે આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કાનુન દ્વારા આપવામાં આવ્યો છે. ભારતની સર્વોચ્ચ અદાલતે પણ તેના અનેક ચૂકાદાઓમાં વિસ્તારના રૂપમાં સ્વીકાર કર્યો છે.

ઉત્તર પ્રદેશ આવાસ વિકાસ પરિષદ વિરુદ્ધ ફ્રેન્ડસ કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.ની વચ્ચેના એક વિવાદમાં ૧૯૯૬માં માનનીય સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યુ છે –
**“આવાસનો અધિકાર એક મૂળભૂત અધિકાર છે, જે બંધારણના ફકરા ૧૯ (૧) (ઈ) હેઠળ 'આવાસનો અધિકાર' તથા ફકરો ૨૧ હેઠળ 'જીવન જીવવાનો અધિકાર' થી પ્રેરિત છે.”**

આ તમામ હોવા છતાં ગુજરાતમાં યોગ્ય આવાસના અધિકારનું વારંવાર ઉલ્લંઘન થાય છે. બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવામાં માનવ અધિકારોનું વ્યાપક સ્તરે ઉલ્લંઘન થાય છે, ખાસ કરીને આવાસના અધિકારોનું રાજ્ય સરકારને બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવા કરતાં શહેરના લોકો માટે સસ્તા ઘર બનાવવા જોઈએ તથા સ્થળના ઉપયોગની કાનૂની સમયગાળામાં સુનિશ્ચિત કરવાની દિશામાં કામ કરવું જોઈએ. આમ લોકોના વ્યાપક હિતો તથા આરોગ્યને ધ્યાનમાં રાખી અસામાન્ય પરિસ્થિતિઓમાં જ્યાં પણ બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની જરૂરિયાત હોય ત્યાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો તથા સૂચનોનું પાલન અત્યંત આવશ્યક થવું જોઈએ.

આ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની કાનૂની જવાબદારી છે કે તે તમામ ભારતીય રહેવાસીઓ માટે યોગ્ય આવાસના માનવ અધિકારોને પુરા કરે તથા તેમના સન્માન અને રક્ષણ કરે.

આશા રાખવામાં આવે છે કે આ પુસ્તિકા એવા તમામ લોકો માટે ઉપયોગી સિદ્ધ થશે જેમને આવાસથી બળજબરીપૂર્વક ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવી હોય, તથા એવા પણ જેમને આગળના દિવસોમાં આવાસથી, ઝૂંપડપટ્ટીઓ ખાલી કરાવવાના ડરથી જીવન જીવી રહ્યા છે અને ઝૂંપડપટ્ટીઓ ખાલી કરવાની ધમકીઓનો સામનો કરી રહ્યા છે. આની સાથે જ આ પુસ્તિકા પોતાના અધિકારોને જાણવાં, વળતર/ક્ષતિપૂર્ણ પ્રાપ્ત કરવા, રાજ્યની જવાબદારીને જાણવા અને ન્યાય પ્રાપ્ત કરવાની દિશામાં જે પણ સંભવ જાણકારી અથવા ગતિવિધિઓ થઈ શકે છે તેમને ઉપયોગી થશે.

---

૧.(૧૯૯૬) એઆઈઆર ૧૧૪ ૧૯૯૫ એસસીસી.

તૈયાર કરનાર


**હાઉસિંગ એન્ડ લેન્ડ રાઇટસ્ નેટવર્ક (એચએલઆરએન), દિલ્હી**

Housing and Land Rights Network (HLRN), Delhi

જી–૧૮/૧, નિઝામુદ્દીન પશ્ચિમ, ભોંયતળીયુ, નવી દિલ્હી – ૧૧૦૦૧૩

ફોન નં.: +૯૧–૧૧–૨૪૩૫–૮૪૯૨

ઈ–મેઈલ: info@hic-sarp.org વેબસાઈટ: www.hic-sarp.org

અને

**જનવિકાસ**

સી–૧૦૫, રોયલ ચિન્મય, નવા આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની સામે,

ઓફ્ જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ, ગુજરાત

ફોન: ૦૭૯ – ૨૬૮૫૭૭૪૫ / ૨૬૮૫૬૬૮૫

વેબસાઈટ: www.janvikas.in